અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ માર્ચ ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ ચૌદસ

વર્ષ : ૧૫
અંક : ૨૧૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈથલી ઠાકુર, જયા કિશોરી સહિત અનેકને રાષ્ટ્રીય રચનાકાર પુરસ્કાર આપ્યા








### મહિલા દિવસના અવસરે સન્માન સમારોહ

વડાપ્રધાન મોદીએ શુક્રવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે ભારત મંડપમ ખાતે મૈથલી ઠાકુર, જયા કિશોરી સહિત અનેક યુવા હસ્તીઓને રાષ્ટ્રીય રચનાકાર પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. પીએમ મોદીએ લોકપ્રિય ગાયિકા મૈથલી ઠાકુરને સાંસ્કૃતિક રાજદૂત વર્ષ પુરસ્કાર આપ્યો. આ સાથે જયા કિશોરીને સામાજિક પરિવર્તન માટે સર્વશ્રેષ્ઠ રચનાકારનો એવોર્ડ આપ્યો હતો. પીએમ મોદીએ આ દરમિયાન ડ્રૂ હિક્સને પણ સન્માનિત કર્યા. તેમણે ડ્રૂ હિક્સને સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય રચનાકાર એવોર્ડ આપ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### કેદારનાથ ધામના કપાટ ૧૦ મેએ સવારે સાત વાગે ખુલશે

। (એજન્સી) કેદારનાથ, તા.૮ ।

આજે એટલે કે શુક્રવારે મહાશિવરાત્રી છે અને આ અવસરે ઉત્તરાખંડના પ્રસિદ્ધ મંદિર કેદારનાથ ધામના કપાટ ક્યારે ખુલશે તેની જાહેરાત કરી દેવામાં આવી છે. માહિતી અનુસાર કેદારનાથના દ્વારા ૧૦ મેના રોજ ખુલશે. ઉલ્લેખનીય છે કે કેદારનાથ મંદિરના કપાટ ખોલવાની તારીખ શિવરાત્રિના દિવસે જ નક્કી કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ઉખીમઠમાં આવેલા પંચ કેદાર શીતકાલીન ગાદી સ્થળ ઓમ્કારેશ્વર મંદિરમાં પંચાગ ગણતરી બાદ તિથિની જાહેરાત કરવામાં આવી હતી.

### બાઈડને ભારત સાથેની મિત્રતા-ભાગીદારી ઉપર ભાર મૂક્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને અમેરિકન કોંગ્રેસને કરેલા ત્રીજા સ્ટેટ ઓફ ધ યુનિયન...સંબોધનમાં ભારત સાથેની મિત્રતા અ્ને ભાગીદારી પર ફરી એક વખત ભાર મુકયો છે. બાઈડને પોતાના વક્તવ્યમાં કહ્યુ હતુ કે, અમેરિકા અને ભારત દુનિયાના સૌથી મોટા બે લોકશાહી દેશો છે. ભારત અને અમેરિકા પરંપરાગત રીતે આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદાર છે. ચીનના પડકારો વચ્ચે ભારત જેવા મિત્ર દેશો સાથે અમેરિકા પોતાની ભાગીદારી વધારે મજબૂત બનાવી રહ્યુ છે.

# કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે પ્રથમ યાદી જાહેર કરી

## વાયનાડથી રાહુલ ગાંધી, તિરુવનંતપુરમથી શશિ થરૂર ચૂંટણી લડશે : યાદીમાં ૧૫ ઉમેદવારો સામાન્ય વર્ગના છે

। નવી દિલ્હી, તા.૮ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ ને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે ઉમેદવારોને પ્રથમ યાદી જાહેર કરી છે. કોગરેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની ૭ માર્ચે યોજાયેલી બેઠકમાં ઘણા મોટા નામ નક્કી કરવામાં આવ્યા હતા. કોંગ્રેસે શુક્રવારે (૮ માર્ચે) ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી મોહર લગાવી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને કેરલની વાયનાડ લોકસભા સીટ પરથી મેદાને ઉતાર્યા છે. લોકસભા ઉમેદવારોની કોંગ્રેસની પહેલી યાદી જાહેર; રાહુલ ગાંધી વાયનાડથી લડશે કોંગ્રેસની પ્રથમ યાદીમાં ૩૯ નામ સામે આવ્યા છે. તેમાં વાનાડથી રાહુલ ગાંધી, તિરૂવનંત




પુરમથી શશિ થરૂર, રાજનાંદગાંવથી ભૂપેશ બઘેલ, મેઘાલયથી વિંસેંટ પાલા અને ત્રિપુરા વેસ્ટથી આશિષ સાહાનું નામ સામે આવ્યું છે. ૩૯ ઉમેદવારોવાળી કોંગ્રેસની આ પ્રથમ યાદીમાં ૧૫ ઉમેદવારો સામાન્ય કેટેગરીમાંથી છે, જ્યારે ૨૪ ઉમેદવારો પછાત,અ દલિત, આદિવાસી અને અલ્પસંખ્યક સમાજમાંથી છે. કોંગ્રેસે પહેલી યાદીમાં છત્તીસગઢથી બીજા ઉમેદવારો ઉતાર્યા છે. તેમાં જાંજગીરથી સિદ્ધ ડહરિયા, કોરબાથી જ્યોત્સના મહંત, દુર્ગથી રાજેન્દ્ર સાહૂ, રાયપુરથી વિકાસ ઉપાધ્યાય અને મહાસમુંદથી તામ્રધ્વજ સાહૂને ઉમેદવારો બનાવવામાં આવ્યા છે. વેણુગોપાલે જણાવ્યું હતું કે ઉમેદવારોની જીતની સંભાવના અને પક્ષ પ્રત્યેની વફાદારીને ઉમેદવારી માટે સૌથી મોટો માપદંડ બનાવવામાં આવ્યો હતો. આ માપદંડ હેઠળ, કેરળમાં પાર્ટીના તમામ ૧૪ વર્તમાન સાંસદોને ફરીથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. કેરળમાં વાયનાડથી રાહુલ ગાંધી સિવાય શશિ થરૂરને તિરુવનંતપુરમથી ટિકિટ આપવામાં આવી છે. કેસી વેણુગોપાલને અલપ્પુઝાથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. એર્નાકુલમ સીટ પરથી હિબી એડનને ટિકિટ આપવામાં આવી છે. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને રાજનાંદગાંવથી ટિકિટ આપવામાં આવી છે. તેમની સાથે છત્તીસગઢમાં પાર્ટીના વરિષ્ઠ નેતા તામ્રધ્વજ સાહુને પણ મહાસમુંદ અને જ્યોત્સના મહંતને કોરબાથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ડીકે શિવકુમારના ભાઈ ડીકે સુરેશને કર્ણાટકની બેંગલુરુ પશ્ચિમ બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે.

### લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને મોટો આંચકો

# બેંક ખાતા પર કાર્યવાહી પર સ્ટેની કોંગ્રેસની માગ ITATએ ફગાવી

### આવકવેરા વિભાગે કોંગ્રેસ અને યુથ કોંગ્રેસ સાથે જોડાયેલા ચાર બેંક ખાતાઓ ફ્રીઝ કર્યા અને આવકવેરા વિભાગે રૂપિયા ૨૧૦ કરોડની રિકવરી માગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને ઈન્કમ ટેક્સ એપેલેટ ઓથોરિટી (આઈટીએટી) તરફથી ઝટકો લાગ્યો છે. આઈટીએટીએ શુક્રવારે કોંગ્રેસની અરજી ફગાવી દીધી હતી, જેમાં પાર્ટીએ તેના બેંક ખાતાઓ પર આવકવેરા વિભાગની કાર્યવાહી પર સ્ટે માગ્યો હતો. આવકવેરા વિભાગે કોંગ્રેસ અને યુથ કોંગ્રેસ સાથે જોડાયેલા ચાર બેંક ખાતાઓ ફ્રીઝ કરી દીધા હતા અને આવકવેરા વિભાગે રૂપિયા ૨૧૦ કરોડની રિકવરી માગી છે. એટલે કે કોંગ્રેસે આ રકમ પેનલ્ટી તરીકે આવકવેરા વિભાગને ચૂકવવી પડશે. પાર્ટીએ આની સામે ઈન્કમ ટેક્સ એપેલેટ ઓથોરિટીમાં અપીલ કરી હતી, પ રંતુ આ અપીલ ફગાવી દીધી છે. ઈન્કમટેક્સ એપેલેટ ઓથોરિટીના આદેશ પછી, કોંગ્રેસ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિવેક તંખાએ આઈટીએટીને આદેશને ૧૦ દિવસ માટે સ્થગિત રાખવા વિનંતી કરી જેથી તે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી શકે. તેમણે કહ્યું, "તમે સ્ટે અરજી ફગાવી દીધી હોવાથી, જેના પક્ષકારો માટે દૂરગામી પરિણામો આવશે. હું કોર્ટને વિનંતી કરી શકું છું કે તે આદેશને ૧૦ દિવસ માટે સ્થગિત રાખે જેથી હું હાઈકોર્ટમાં જઈ શકું?' જો કે, આઈટીએટીએ અરજી પર ધ્યાન આપવાનો ઈનકાર કરી દીધો હતો કે તેને આવા આદેશો પસાર કરવાનો કોઈ અધિકાર નથી. આ સમગ્ર મામલો ૨૦૧૮-૨૦૧૯ના આવકવેરા રિટર્ન સાથે સંબંધિત છે. આવકવેરા વિભાગે કોંગ્રેસ પાસેથી દંડ તરીકે રૂપિયા ૨૧૦ કરોડની રિકવરીની માગ કરી છે.

આ કાર્યવાહીના બે કારણો છે. પ્રથમ આવકવેરા વિભાગ દ્વારા ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ની નિર્ધારિત તારીખથી ૪૦-૪૫ દિવસ મોડું રિટર્ન સબમિટ કરવામાં આવ્યું હતું. બીજું કારણ એ છે કે ૨૦૧૮-

### માલદીવના રાષ્ટ્રપતિનો ભારત વિરોધી વધુ એક નિર્ણય

# માલદીવમાં ભારતીય હેલિકોપ્ટરોનું નિયંત્રણ સેનાને સોંપવામાં આવ્યું

### ભારત દ્વારા માલદીવમાં તૈનાત હેલિકોપ્ટરના સંચાલન અને તેના ક્રૂ મેમ્બર પર માલદીવની સેનાનો અધિકાર

। (એજન્સી) માલે, તા.૮ ।

માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જૂએ વધુ એક ભારત વિરોધી નિર્ણય લીધો છે. મોઈજ્જૂએ માલદીવમાં તૈનાત ભારતીય હેલિકોપ્ટરોનુ નિયંત્રણ માલદીવની સેનાને આપી દીધુ છે. મળતી જાણકારી પ્રમાણે આ હેલિકોપ્ટરના સંચાલન અને તેના ક્રૂ મેમ્બર પર માલદીવની સેનાનો અધિકાર રહેશે.બીજી તરફ માલદીવ રાષ્ટ્રીય સુરક્ષા દળના ટોચના અધિકારી અહેમદ મોહ્મ્મદે મીડિયાને કહ્યુ હતુ કે, માલદીવથી ભારતીય સૈનિકોને ભારત પાછા મોકલવા માટેની ચર્ચા ચાલી રહી છે. માલદીવના સરકારી મીડિયાના કહેવા પ્રમાણે મોઈજ્જૂની સરકાર ૧૦ મે બાદ કોઈ પણ વિદેશી સૈનિકોની માલદીવમાં



તૈનાતી નહીં કરવા દેવા માટે મક્કમ છે. ભારતીય સૈનિકોને માલદીવમાંથી પાછા બોલાવવા અંગે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવકતાએ ૨૯ ફેબ્રૂઆરીએ કહ્યુ હતુ કે, હેલિકોપ્ટરોના સંચાલન માટે ભારતની ટેકનિકલ ટીમ માલદીવ પહોંચી ચુકી છે.આ ટીમ અત્યારે હેલિકોપ્ટરનુ સંચાલન કરી રહેલા કર્મચારીઓની જગ્યા લેશે.



## યુવતી પાસેથી ગઠિયાએ રૂપિયા ૧૪ લાખની પ્રિએપ્રુવ લોન કરાવી લીધી

### ગઠિયાએ પોતે એક્સીસ બેંકમાંથી બોલતો હોવાની ઓળખ આપીને કેવાયસી અપડેટ કરવા માટે કોલ કર્યો હોવાનું જણાવ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

સિવિલ હોસ્પિટલમાં મેડિકલના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી યુવતી સાયબર ક્રાઈમનો ભોગ બની છે. ગઠિયાએ યુવતીને ફોન કરીને બેંકની વિગત, કસ્ટમર આઈડી, પાનકાર્ડની વિગતો જણાવી વિશ્વાસમાં લઈને બેંકની એપ્લિકેશનમાં કેવાયસી અપડેટ કરાવીને ગઠિયાએ રૂપિયા ૧૪ લાખની પ્રિએપ્રુવ લોન કરાવી લીધી. જે અંગે યુવતીએ પોલીસને જાણ કરતાં સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ફરિયાદી યુવતીને ૨૧મી ફેબ્રુઆરીએ બપોરના એક વાગ્યાની આસપાસ કોલેજમાં હાજર હતી તે દરમિયાન એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. ગઠિયાએ પોતે એક્સીસ બેંકમાંથી બોલતો હોવાની ઓળખ આપીને કેવાયસી અપડેટ કરવા માટે કોલ કર્યો હોવાનું જણાવ્યું હતું. જોકે યુવતી વ્યસ્ત હોવાથી તેણે કેવાયસી અપડેટ કરવાની ના પાડી હતી. પરંતુ કેવાયસી અપડેટ કરાવવું અનિવાર્ય હોવાનું કહીને ગઠિયાએ યુવતીને બેંકનું નામ, સરનામું, કસ્ટમર આઈડી અને પાનકાર્ડની વિગતો જણાવતા યુવતી વિશ્વાસમાં આવી ગઈ હતી. આમ ગઠિયાએ યુવતીને બેંકની એપ્લિકેશનમાં કેવાયસી અપડેટ કરવા માટે બેંકની તમામ વિગતો કન્ફર્મ કરાવી હતી. તેના કહ્યા મુજબ, એપ્લિકેશનમાં વિગતો અપડેટ કરી હતી. જોકે ફોન કટ કરવાની સાથે જ યુવતીના મોબાઈલમાં જુદી જુદી રકમના ટ્રાન્જેક્શન અંગેના ઓટીપી આવવા લાગ્યા હતાં. જેથી યુવતીએ ગઠિયાએ ફોન કરીને આ બાબતની જાણ કરી હતી. બાદમાં ગઠિયાએ જે મેસેજ આવ્યા તેની ડિટેઈલ માંગી હતી. પરંતુ ઓટીપી હોવાથી યુવતીએ વિગત આપી ના હતી. પરંતુ ગઠિયાએ બેંકના સર્વરમાં પ્રોબ્લેમ હશે, ચેક કરીને થોડીવારમાં જણાવવા માટે કહ્યું હતું. પરંતુ ત્યારબાદ પણ ઓટીપીના ઘણા મેસેજ આવ્યા હતાં. પરંતુ યુવતીએ આ વાત ધ્યાનમાં લીધી ના હતી. જોકે ફરિયાદી યુવતી તેની કોલેજના કેન્ટીનમાં નાસ્તો કર્યા બાદ ગુગલ પેથી બેંક એકાઉન્ટમાં પેમેન્ટ કરવા જતાં પેમેન્ટ થયું ના હતું. જેથી તેણે બેંકના મેનેજરને ફોન કરીને જાણ કરતાં તેને જાણવા મળ્યું હતું હતું કે, તેના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૧૪ લાખ જેટલી પ્રિએપ્રુવલ લોન થઈ ગયેલ છે. અને અનેક ટ્રાન્જેક્શન પણ થયા છે. જે અંગેની જાણ તેણે પોલીસને કરતાં પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# મહાશિવરાત્રિના મેળામાં છેલ્લા ૬૨ વર્ષથી ધમધમતું અન્નક્ષેત્ર

## ખોડીયાર રાસ મંડળ અન્નક્ષેત્રના સેવકો છેલ્લા ૬૨ વર્ષથી મેળામાં આવતા લોકોને ભોજન ખવડાવીને સેવા પુરી પાડી રહ્યા છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૮ ।

ભૂમિ એ સંતોની ભૂમિ કહેવાય છે. સંતોની આ ભૂમિમાં મહાશિવરાત્રીના પર્વ પર ભવ્ય મેળો યોજાય છે. શિવરાત્રીના આ મેળામાં લોકોના ભોજન માટે પણ ખૂબ જ સુંદર વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે છે. આ મેળામાં અનેક એવા અન્નક્ષેત્રો છે, જે ઘણા વર્ષોથી અહીં કાર્યરત છે. એવું જ એક નામ એટલે ખોડીયાર રાસ મંડળ અન્નક્ષેત્ર. જૂનાગઢમાં આ અન્નક્ષેત્ર વર્ષ ૧૯૬૧થી કાર્યરત છે અને છેલ્લા ૬૨ વર્ષથી લોકોને ભોજન ખવડાવીને સેવા પુરી પાડે આવી



રહી છે. જૂનાગઢમાં કાર્યરત આ અન્નક્ષેત્રના સંચાલકો મૂળ રાજકોટથી આવે છે. મહત્વની વાત એ છે કે, આ અન્નક્ષેત્રની શરૂઆત વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી. જૂનાગઢનો મેળો ભક્તિ સાથે ભોજનનો પણ મેળો કહેવાય છે, તેથી વર્ષ૧૯૬૨માં જ્યારે સાધુ સંતો અન્નક્ષેત્રમાં ભોજન લેવા માટે આવતા હતા, ત્યારે તેમને સંતો દ્વારા કહેવામાં આવ્યું હતું કે, આ જગ્યા પર ભોજનની ખૂબ જરૂરિયાત છે, જો જમાડવાવાળા આવી જશે, તો જમવાવાળા પણ આવી જશે. આ પ્રકારનું સાધુ સંતોનો જે પ્રકારે સંચાલકોને સંદેશ આપવામાં આવ્યો અને ત્યારબાદ શરૂ થઈ આ અન્નક્ષેત્રની સફર. આજે ૬૦થી વધુ વર્ષો વીતી ગયા છે, પરંતુ હાલમાં પણ અન્નક્ષેત્રમાં રોજ નવા ફેરફારો સાથે દરેક મહાશિવરાત્રીમાં ૫૦૦થી વધુ કાર્યકરો લોકોને જમાડવા માટે સફળ મહેનત કરે છે. મહાશિવરાત્રીના મેળામાં ભક્તિ સાથે ભોજનનું પણ ખાસ મહત્વ છે અને નવી નવી વાનગી ખાવાના શોખીન લોકો પણ અલગ અલગ અન્નક્ષેત્રોની મુલાકાત લેતા હોય છે. ત્યારે જૂનાગઢના ખોડિયાર અન્નક્ષેત્રમાં અલગ અલગ વાનગીઓ સાથે દરરોજ બે પ્રકારની મીઠાઈનું મેનુ અહીં આવતા શ્રદ્ધાળુઓને પીરસવામાં આવે છે. ખોડીયાર અન્નક્ષેત્રના સંચાલક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમારે અહીં સંચાલક સહિત કોઈપણ વ્યક્તિ જુનાગઢના સ્થાનિક નિવાસી નથી.

### સુરત જિલ્લા પંચાયત કચેરી ખાતે

## પ્રા. શાળાના વય નિવૃત શિક્ષકોનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) સુરત, તા.૮ ।

શિક્ષકો દરેકના જીવનમાં સંસ્કારોનો દીપ પ્રગટાવી ઉન્નત જીવન તરફ દોરી જાય છે એમ સુરતના જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી.શિવાની ગોયલે જણાવ્યું હતું. સુરત જિલ્લા પંચાયતના સભાખંડમાં યોજાયેલ વય નિવૃત શિક્ષકોનાસન્માન સમારંભ કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યું હતું કે, રાષ્ટ્રના નિર્માણ શિક્ષકનો અમૂલ્ય ફાળો રહ્યો હોય છે. દેશના ભવિષ્યની ભૂમિકા શિક્ષકના હસ્તે ઘડાતી હોઈ છે. શિક્ષકોના મહત્વને અતિરેક કરી શકાતું નથી, કારણ કે તેઓ વ્યક્તિઓના સર્વાંગી વિકાસની સાથે સાથે સમાજની પ્રગતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે એમ તેમણે કહ્યું હતું. તેઓએ એવો પણ સુર વ્યક્ત કર્યો હતો કે, શિક્ષક ક્યારેય નિવૃત્ત થતાં નથી, નિવૃત્તિ બાદ પણ સમય ફાળવી વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપતાં રહે તેવો અનુરોધ કર્યો હતો. તેમજ શિક્ષક પોતાના જીવન દરમિયાન હંમેશા શિક્ષક જ રહે છે. શિક્ષકો એ દરેક બાળકોના જીવનમાં દિપ રૂપી પ્રકાશ ફેલાવ્યો છે. શિક્ષકો જ્ઞાનનો પ્રકાશ છે અને તે હંમેશા શાણપણના મોતી આપે છે.વય નિવૃત્ત શિક્ષકોને જીવનની બીજી પારી પરિવાર સાથે સુખમય, સ્વસ્થ રહે એમ તેમણે ઉમેર્યું હતું. જિ. પ્રા. શિક્ષણ અધિકારી જયેશભાઈ પટેલે વય નિવૃત અવસરે વિનોબાભાવેને યાદ કરતા કહ્યું હતુ કે, શિક્ષકમાં સાધુ, જ્ઞાની અને માં એમ ત્રિવેણી સંગમના દર્શન થાય છે. શિસ્ત, ક્ષમા અને કરૂણા એટલે શિક્ષક. શિક્ષક આપણા સમાજનુ નિર્માણ કરે છે.


### ભગવાન શંકર અને માતા પાર્વતીના વિવાહ થયા હતા

# મહાશિવરાત્રીના પાવન પર્વ પર સોમનાથમાં ભક્તોની ભીડ

## સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગત મહાશિવરાત્રી અને શ્રાવણ ૨૦૨૩ પર ભક્તો માટે આ વિશેષ બિલ્વપુજા સેવા શરૂ કરવામાં આવી હતી

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૮ ।

ગુજરાતભરમાં મહાશિવરાત્રીનો પાવન પર્વ ઉજવાઈ રહ્યો છે. ભક્તો આજે સવારથી જ શિવમાં લીન થઈ ગયા છે. ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં પણ વહેલી સવારે આરતી થઈ હતી. બ્રહ્મ મુહૂર્તમાં મંદિરના કપાટ ખુલ્યા અને શિવનાદથી મંદિર ગુંજી ઉઠ્યું હતુ. તો આજે તમે તમારા ઘરે બેઠા જ પોતાની સ્ક્રીન પરથી જ સોમનાથ દાદાના દર્શન કરી લો. દરેક શિવ ભક્ત માટે મહાશિવરાત્રીનો પાવન તહેવાર ખૂબ જ મહત્વનો છે. આજનો દિવસ ભગવાન શિવ અને માતા પાર્વતીની આરાધના કરવા



માટે સૌથી મોટો દિવસ છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, આ જ દિવસે ભગવાન શંકર અને માતા પાર્વતીના વિવાહ થયા હતા મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ઘણા લોકો ઉપવાસ રાખે છે. ફાગણ મહીનાના કુષ્ણ પક્ષની ચૌદશના દિવસે મહાશિવરાત્રી ઉજવવામાં આવે છે.

મહાશિવરાત્રી પર ભક્તો ઘરે બેઠા માત્ર ૨૫ રૂપિયામાં શ્રી સોમનાથ મહાદેવની બિલ્વ પૂજા કરી શકશે. ભક્તો પોસ્ટ મારફત રુદ્રાક્ષ અને નમન પણ મળશે, ભક્તોના લાભ માટે સોમનાથ ૨૫ બિલ્વપૂજા સેવા'' શરૂ કરી છે. ગત મહાશિવરાત્રી અને શ્રાવણ માસમાં વિક્રમજનક ૨.૫૦ લાખથી વધુ નોંધાયા બાદ મહાશિવરાત્રી ૨૦૨૪ માટે ટ્રસ્ટની ૨૫ બિલ્વપુજાનો ફરી પ્રારંભ કરાયો છે.

## આગામી તા.૧૩મી માર્ચના રોજ ગુજરાતના રાજ્યપાલશ્રી તાપી જિલ્લાની મુલાકાતે

। (માહિતી) સુરત, તા.૮ ।

આગામી તા.૧૩મી માર્ચના રોજ ગુજરાતના રાજ્યપાલશ્રી તાપી જિલ્લાની મુલાકાતે - કાર્યક્રમના સુચારૂ વ્યવસ્થાપનને અનુલક્ષીને કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ - સુરક્ષા, પાર્કિંગ વગેરે આયોજનને લઈ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે ચર્ચાની સાથે જરૂરી સુચનો કર્યા - આગામી તા.૧૩મી માર્ચ રોજ ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના હરિપુર ખાતે પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલન કાર્યક્રમમાં પધારનાર છે. જેને અનુલક્ષીને જિલ્લા કલેકટરશ્રી ડૉ. વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી. એન. શાહની ઉપસ્થિતિમાં ઉચ્ચ અધિકારીઓ સાથે કાર્યક્રમના સુચારું આયોજન અંગે બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ રાજ્યપાલશ્રીના કાર્યક્રમ સંદર્ભે કરવામાં આવેલી તૈયારીઓ અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સુચનો અને માર્ગદર્શન આપ્યા હતા.

# જામનગર યાર્ડમાં કપાસ અને જીરુંના ભાવમાં તેજી

## જામનગર માર્કેટિંગ યાર્ડમાં જીરું અને કપાસની પુષ્કળ આવક થઇ હતી, તેમજ જીરું અને કપાસના ભાવમાં તેજી જોવા મળી હતી

। (એજન્સી) જામનગર, તા.૮ ।

જીરું અને કપાસની સારી આવક માટે જાણીતા જામનગર યાર્ડમાં પણ જીરું, કપાસનો સૌથી વધુ જથ્થો ઉતારાયો હતો. જામનગર યાર્ડમાં ૧૫૮૫ ખેડૂતો જણસી વેચવા માટે આવતા ૬૨,૨૧૭ મણ જણસી ઠલવાય હતી. ૨૫,૦૮૨ ગુણી જણસીની આવકને પગલે જામનગર યાર્ડમાં જ્યાં જુઓ ત્યાં જણીસીનાં ઢગલા જોવા મળ્યાં હતાં. જેમાં આજે પણ જીરું અને કપાસની સૌથી વધુ આવક થઈ હતી. છેલ્લા કેટલાક દિવસની સરખામણી આજે જામનગર યાર્ડમાં સૌથી વધુ જણસીની આવક નોંધાઈ હતી. યાર્ડમાં કપાસના નવ હજાર મણ આવક થઈ હતી અને એક મણનાં ભાવ



૧૧૦૦ રૂપિયાથી લઈને ૧૬૫૦ રૂપિયા બોલાયા હતાં. બીજી તરફ જીરુંની આવકમાં આજે નોંધપાત્ર વધારો થયો છે. જીરુંના ભાવ ૩,૦૦૦ રૂપિયાથી લઈ ૫,૨૪૫ રૂપિયા જેવા રહ્યા હતા અને આવક ૧૧૯૮૨ મણ જેવી રહી હતી. તેમજ ૨૫૦૦ રૂપિયાથી લઈને ૪૩૨૦ રૂપિયાના ભાવે અજમોના સોદા પડ્યા હતા. અજમોના સારા ભાવ મળતા જામનગર ઉપરાંત દેવભૂમિ દ્વારકા, મોરબી, રાજકોટ સહિતના પંથકમાંથી પણ ખેડૂતો અજમો વેચવા માટે જામનગર યાર્ડમાં આવી રહ્યા છે. પરિણામે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ૧૫૯૮ મણ આજમોની આવક થઈ હતી. યાર્ડમાં ૧૩૦૦ રૂપિયાથી ૨૫૦૦ રૂપિયાના ભાવે ધાણા વેચાયા હતા અને ડુંગળીના ભાવ મણ દીઠ રૂપિયા ૮૦ થી ૪૫૦ જેવા રહ્યા હતા. આજે ૩૩૫૯ મણ ડુંગળી યાર્ડમાં આવી હતી. મગફળી જીણીના ભાવ ૧૦૦૦ રૂપિયાથી ૧૨૦૦ રૂપિયા જેવા રહ્યા હતા. એરંડાના ભાવ ૧૦૮૦ રૂપિયાથી ૧૧૨૬ રૂપિયા અને લસણના ભાવ ૬૫૦ થી ૨૨૬૦ રૂપિયા જેવા જોવા મળ્યા હતા.

## જૂનાગઢ- નાબાર્ડ દ્વારા મેંદરડા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) જૂનાગઢ, તા.૮ ।

મેંદરડાના તાલુકા હેલ્થ ઓફિસર ડો.પૂજા પ્રિયદર્શીનીની ઉપસ્થિતીમાં જૂનાગઢ- નાબાર્ડ દ્વારા મેંદરડા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે મહિલાઓના સ્વાસ્થ્ય ખાસ કરીને હિમોગ્લોબીન, ડિલિવરી પહેલા અને પછીની સાવચેતી વગેરેને લગતી જાણકારી આપી હતી.આ પ્રસંગે નાયબ મામલતદાર સુશ્રી કાજલ એન લાખાણી કાર્યક્રમમાં હાજર રહી તમામ મહિલાઓને ચૂંટણીમાં ભાગ લેવા અને ડર્યા વગર યોગ્ય ઉમેદવારને મત આપવા અનુરોધ કર્યો હતો. તેમણે સમારંભમાં ઉપસ્થિત તમામ સભ્યોને ચૂંટણી અંગેના શપથ પણ લેવડાવ્યા હતા. સહભાગીઓને શ્રી કિરણ રાઉત, ડીડીએમ, નાબાર્ડ, શ્રી ગણપત રાઠવા, એલડીએમ, શ્રી પ્રશાંત ગોહેલ, નિયામક - આરએસઈટીઆઈ અને શ્રી દિલીપ ચુગાની દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**વિશેષ** ગંગાબેન પાટિલના હસ્તે સમાજસેવા, કલા, લેખન રમત-ગમત, પોલીસ, તબીબી અને પત્રકારત્વ ક્ષેત્રમાં આગવું યોગદાન આપનાર મહિલાઓ સન્માનિત

# 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણીના ઉપલક્ષ્યમાં સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ ક્ષેત્રની ૬૫ મહિલાઓનું સન્માન કરાયું







'તા.૮મી માર્ચ- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણીના ઉપલક્ષ્યમાં સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ ક્ષેત્રની ૬૫ મહિલાઓનું સન્માન કરાયું હતું. જેમાં સમાજસેવા, કલા, લેખન રમત-ગમત, પોલીસ, તબીબી અને પત્રકારત્વ સહિતના વિવિધ વિભાગોમાં શ્રેષ્ઠ કામગીરી કરનારી મહિલાઓને ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટિલના હસ્તે સન્માનિત કરાઈ હતી. છેલ્લા ૩૧ વર્ષોથી નવી સિવિલ હોસ્પિટલ-સુરત દ્વારા દરવર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ વિવિધ ક્ષેત્રની મહિલાઓનું સન્માન કરવામાં આવે છે, આ પરંપરા અનુસાર આ વર્ષે પણ આયોજિત મહિલા દિવસની ઉજવણી પ્રસંગે ધારાસભ્ય સંગીતાબેન પાટિલે જણાવ્યું હતું કે, સમય સાથે તાલ મિલાવી સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર બની રહી છે. વડાપ્રધાનશ્રી દ્વારા મહિલા સશક્તિકરણને અપાતા પ્રોત્સાહન અને મહિલાલક્ષી યોજનાઓના પગલે સામાજિક અને આર્થિક રીતે મહિલાઓ આત્મનિર્ભર બની રહી છે. દરેક ક્ષેત્રમાં ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રહેલી મહિલાઓ દેશના વિકાસમાં પોતાના અમૂલ્ય યોગદાન થકી પ્રગતિની નવી રાહ ઘડી રહી છે. આ પ્રસંગે પ્રદેશ સંગઠન અધ્યક્ષ અને સાંસદશ્રી સી.આર.પાટિલના ધર્મપત્ની શ્રીમતી ગંગાબેન પાટિલે આરોગ્ય જગતમાં તબીબો અને નર્સની મહત્વપૂર્ણ એવી ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આત્મીયતાના ભાવ સાથે દર્દીઓ પ્રત્યેની સેવા-ભાવનાને ઉત્તમ ગણાવી તેમની સરાહના કરી હતી. દરેક તબક્કે પુરુષની સફળતામાં સહભાગી બનતી ગૃહિણીઓનું મહત્વ દર્શાવતા શ્રીમતી પ્રાચીબેન સંઘવીએ પણ સ્ત્રીઓના સાહસ અને સંઘર્ષને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમમાં નર્સિંગ એસોસિએશન દ્વારા મહાનુભાવોને અયોધ્યામાં નવનિર્મિત ભવ્ય અને દિવ્ય એવા શ્રી રામ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ.ગણેશ ગોવેકર, આર.એમ.ઓ. ડૉ.કેતન નાયક, મેડિકલ કોલેજના ડીન ડૉ. રાગિણી પરમાર, અધિક તબીબી અધિક્ષક ડૉ. ધારિત્રી પરમાર, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, નર્સિંગ કોલેજના આચાર્ય ઈન્દ્રાવતી રાવ, ટીબી એ ચેસ્ટ વિભાગના હેડ અને નર્મદ યુનિ.ના એક્ઝિક્યુટિવ મેમ્બર ડૉ.પારૂલ વડગામા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ રજનીબેન ગોસ્વામી, ચલથાણ શુગરના ડિરેક્ટર લીનાબેન દેસાઈ, ટ્રાન્સપોર્ટ કમિટીના પૂર્વ ચેરમેન રમીલાબેન પટેલ, નર્સિંગ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ દીપકમલ વ્યાસ, નર્સિંગ ફેકલ્ટીના વિદ્યાર્થી સલાહકાર કમલેશભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહ્યા હતા.

## મણિપુરમાં સેનાના અધિકારીનું અસામાજિક તત્વો દ્વારા અપહરણ



। (એજન્સી) ઈમ્ફાલ, તા.૮ ।

મણિપુરના થોબલ જિલ્લામાં ભારતીય સેનાના જુનિયર કમીશન ઓફિસર (જેસીઓ)નું અસામાજિક તત્વો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાના જુનિયર કમિશન ઓફિસર કોન્સમ ખેડા સિંહ શુક્રવારે રજા પર હતા. સવારે નવ વાગ્યે કેટલાક લોકો તેના ઘરમાં ઘૂસી ગયા હતા અને તેને બાંધીને વાહનમાં લઈ ગયા હતા. હાલ સુરક્ષા એજન્સીઓ તેમની શોધખોળ કરી રહી છે. અહેવાલ અનુસાર, કોન્સમ ખેડા સિંહનુ અપહરણ કરવા પાછળનું કારણ હજુ જાણી શકાયું નથી. પરંતુ આ છેડતીનો મામલો લાગે છે. સેનાના અધિકારીના પરિવારજનોને અગાઉ પણ આવી ધમકીઓ મળી હતી. અહેવાલો અનુસાર, તમામ સુરક્ષા એજન્સીઓએ જેસીઓને શોધવા માટે સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. નેશનલ હાઈવે-૧૦૨ પર ચાલતા તમામ વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. મણિપુરમાં હિંસાની શરૂઆત પછી આ ચોથી ઘટના છે. સેનાના જવાનો અને તેમના પરિવારજનોને બદમાશો દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં આસામ રેજિમેન્ટના પૂર્વ સૈનિક સર્તો થાંગથાંગ કોમનું બદમાશોએ અપહરણ કરીને હત્યા કરી હતી. તે મણિપુરના લિમાખોંગ ડિફેન્સ સર્વિસ કોર્પ્સ (ડીએસસી)માં તહેનાત હતા. બે મહિના પહેલા એક હથિયારબંધ જૂથે ચાર લોકોનું અપહરણ કર્યું જ્યારે તેઓ ચુરાચંદપુરના પહાડી જિલ્લાથી લિમાખોંગ તરફ જઈ રહ્યા હતા. આ ચારેય લોકો જમ્મુ-કાશ્મીરમાં તહેનાત ભારતીય સેનાના જવાનોના પરિવારના સભ્યો હતા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૪માં મણિપુર પોલીસના એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (એએસપી) પર ઈફાલ શહેરમાં તેમના ઘરે હુમલો કરવામાં આવ્યો હતો.

### ભારત-ઈંગ્લેન્ડ, પાંચમી ટેસ્ટ, બીજો દિવસ

# રોહિત શર્મા અને શુભમન ગીલની સદી સાથે ભારતના આઠ વિકેટે ૪૭૩

### ભારતના પાંચ બેટરના ૫૦થી વધુ રન, ડેબ્યુ ટેસ્ટમાં દેવદત્ત પડિકલના ૬૫ રન, બશીરની ચાર વિકેટ




। (એજન્સી) ધર્મશાલા, તા.૮ ।

ધર્મશાલામાં રમાઈ રહેલી પાંચમી ટેસ્ટ પર પણ ટીમ ઈન્ડિયાએ પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં બનાવેલા ૨૧૮ રનના જવાબમાં ટીમ ઈન્ડિયાએ બીજા દિવસની રમતના અંતે ૮ વિકેટ ગુમાવીને ૪૭૩ રન બનાવી લીધા છે. ટીમ ઈન્ડિયાની લીડ વધીને ૨૫૫ રન થઈ ગઈ છે. સ્ટમ્પના સમયે જસપ્રીત બુમરાહ ૫૫ બોલમાં બે ચોગ્ગાની મદદથી ૧૯ રન બનાવીને અણનમ અને કુલદીપ યાદવ ૫૫ બોલમાં ૨ ચોગ્ગાની મદદથી ૨૭ રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. ભારત તરફથી રોહિત શર્મા અને શુભમન ગીલે સદી ફટકારી હતી. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી ઓફ સ્પિનર શોએબ બશીરે ચાર વિકેટ ઝડપી હતી. પાંચમી ટેસ્ટમાં ભારતના ટોચના પાંચ બેટ્સમેનોએ ૫૦થી વધુ રન બનાવ્યા હતા. જેમાં રોહિત શર્માએ ૧૦૩ રનની ઈનિંગ રમી હતી અને શુભમન ગિલે ૧૧૦ રનની ઈનિંગ રમી હતી. યશસ્વી જયસ્વાલે ૫૭ રન, ડેબ્યૂ કરનાર દેવદત્ત પડિકલે ૬૫ રન અને સરફરાઝ ખાને ૫૬ રન બનાવ્યા હતા. ટેસ્ટ ક્રિકેટમાં છેલ્લા ૧૫ વર્ષમાં પ્રથમ વખત ભારતના ટોચના પાંચ બેટ્સમેનોએ ૫૦થી વધુ રન બનાવ્યા છે. રોહિત ૧૬૨ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવીને આઉટ થયો હતો. શુભમન ગિલ ૧૫૦ બોલમાં ૧૧૦ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. ગિલે ૧૨ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા હતા. આ બંનેના આઉટ થયા બાદ સરફરાઝ ખાન અને દેવદત્ત પડિક્કલ, જે પોતાની પ્રથમ ટેસ્ટ રમી રહ્યો હતો તેમણે ચાર્જ સંભાળ્યો હતો. બંનેએ ૯૭ રનની ભાગીદારી કરી હતી. સરફરાઝે ૬૦ બોલની ઈનિંગમાં ૮ ફોર અને ૧ સિક્સર ફટકારી હતી. જ્યારે પડિક્કલ ૧૦૩ બોલમાં ૬૫ રન બનાવીને આઉટ થયો હતો. તેણે ૧૦ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. જ્યારે રવિચંદ્રન અશ્વિન તેની ૧૦૦મી ટેસ્ટમાં શૂન્ય પર આઉટ થયો હતો. ૪૨૮ રનમાં ૮ વિકેટ પડી ગયા બાદ કુલદીપ યાદવ અને જસપ્રિત બુમરાહે પણ બ્રિટિશ ખેલાડીઓ સામે સારી લડત આપી છે. બંનેએ ૯મી વિકેટ માટે ૧૦૮ બોલમાં ૪૫ રનની ભાગીદારી કરી છે. એવું લાગતું હતું કે ટીમ ઈન્ડિયા આજે જ ઓલઆઉટ થઈ જશે, પરંતુ બુમરાહ અને કુલદીપે એવું થવા દીધું નહીં. આ બંનેએ ઈંગ્લેન્ડના સ્પિનરોની સાથે-સાથે ઝડપી બોલરોને પણ ફટકાર્યા હતા.

## ચુરુના સાંસદ રાહુલ કસ્વાંનું સમર્થકો સાથે શક્તિ પ્રદર્શન



। (એજન્સી) ચુરૂ, તા.૮ ।

ભાજપ તરફથી ૧૯૫ બેઠકો પર ઉમેદવારોનું એલાન થઈ ચૂક્યું છે અને ટુંક સમયમાં જ બીજી યાદી જાહેર થવાની તૈયારી છે. પહેલી યાદીમાં જે સાંસદોની ટિકિટ કપાઈ છે તેમાંથી એકે બળવો શરૂ કરી દીધો છે. રાજસ્થાનના ચુરૂથી સાંસદ રાહુલ કસ્વાંએ શુક્રવારે પોતાના નિવાસસ્થાને હજારો સમર્થકોને એકઠા કરીને શક્તિપ્રદર્શન કર્યું હતું. આ સાથે તેમણે એક એલાન પણ કરી દીધું છે. રાહુલ કસ્વાંએ ભાવુક અંદાજમાં સમર્થકોની સામે પોતાની વાત રાખી અને પોતાની નારાજગી ખુલીને વ્યક્ત કરી. રાહુલે સમર્થકોને પૂછ્યું કે, તેમણે શું કરવું જોઈએ. સમર્થકોએ તેના પર જ નિર્ણય છોડ્યો... તો કસ્વાંએ ચૂંટણી લડવાનો સંકેત આપતા કહ્યું કે, 'નિર્ણય જનતાએ લઈ લીધો છે અને મેં વાત સાંભળી લીધી છે. તમારી ભાવનાઓનો હું આદર કરું છું. મને બસ તમારા લોકોનો સાથ જોઈએ.' રાહુલે કોઈનું નામ લીધા વગર ભાજપના કેટલાક નેતાઓ પર પ્રહાર કર્યા. રાહુલ કસ્વાંએ કહ્યું કે, ચુરૂના બાળકો પોતાના ભવિષ્યનો નિર્ણય કરશે, આ કોઈ એક વ્યક્તિ નક્કી ન કરી શકે. આ ચૂંટણી એ વાતનો નિર્ણય કરશે કે શું એક વ્યક્તિ આપણા આવનારા ભવિષ્યનો નિર્ણય કરશે. શું તે વ્યક્તિ નક્કી કરશે કે કોણ જીવશે કોણ મરશે. આ લડાઈ કોઈ ચૂંટણીની નથી વિચારધારાની છે, એક સત્ય અને ઈમાનદારી વિરૂદ્ધ એક વ્યક્તિના અહંકારની લડાઈ છે. હું તમારા દરબારમાં આવ્યો છું. સમજી નથી શકી રહ્યો કે કયા રસ્તે ચાલું. તમે મને જણાવો. હું ક્યારેય ઝુક્યો નથી અને ઝુકીશ પણ નહીં. ઝુકીશ તો માત્ર સન્માન માટે.

## કોટામાં જેઈઈની તૈયારી કરતા બિહારના વિદ્યાર્થીની આત્મહત્યા

। (એજન્સી) કોટા, તા.૮ ।

મહાશિવરાત્રિના અવસરે કોટાથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા. અહીં જેઈઈની તૈયારી કરતાં વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો છે. તેના રૂમમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. વિદ્યાર્થી દ્વારા આપઘાતનો આ ચાલુ વર્ષે છઠ્ઠો મામલો છે. જોકે ગત વર્ષે ૨૯ બાળકોએ આપઘાત કર્યા હતા. પોલીસ તંત્ર ઘણી મહેનત કરી રહ્યું હોવા છતાં આપઘાતના કેસ ઘટી રહ્યા નથી. પરીક્ષા અને પરફોર્મન્સના પ્રેશરને કારણે વિદ્યાર્થીઓ આપઘાત કરી રહ્યા હોવાનું મનાય છે. આ વખતે આપઘાત કરનાર વિદ્યાર્થી બિહારના ભાગલપુરનો રહેવાશી હતો અને તેની ઓળખ અભિષેક કુમાર તરીકે થઈ હતી. તે એક ખાનગી કોચિંગ સેન્ટરમાં જેઈઈની તૈયારી કરી રહ્યો હતો. છેલ્લા એક વર્ષથી તે કોટના વિજ્ઞાનનગર પોલીસ સ્ટેશનની હદમાં આવતા પીજીમાં રહેતો હતો.

### બ્રેઈન ટ્યુમરની સારવારમાં અદભૂત પરિવર્તન આવશે

## એપોલો હોસ્પિટલ્સ દ્વારા પ્રથમ ઝેપ-એક્સ રેડિયોસર્જરી પ્લેટફોર્મનું અનાવરણ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતના સૌથી મોટા સંકલિત હેલ્થકેર પ્રોવાઈડર, એટલે કે એપોલો હોસ્પિટલ્સ ગ્રુપે આજે ઝેપ-એક્સગાયરોસ્કોપિક રેડિયોસર્જરી પ્લેટફોર્મનું અનાવરણ કર્યું, જે બ્રેઈન ટ્યુમરની સારવારમાં એક ક્રાંતિકારી પ્રગતિ છે અને આમ, આ સર્વશ્રેષ્ઠ ટેક્નોલોજી દક્ષિણ એશિયામાં પ્રથમ વખત રજુ કરવી, એ એપોલો હોસ્પિટલ્સ માટે એક મોટી ઉપલબ્ધી છે. ટેકનોલોજી ઝેપ-એક્સસાથે, એપોલો હોસ્પિટલ્સ ભારતમાં અને સમગ્ર વિશ્વમાં દર્દીઓ માટે વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળ સોલ્યુશન્સ પ્રદાન કરવા માટે નવીનતા અને પ્રતિબદ્ધતાની પ્રથા ચાલુ રાખે છે. ઝેપ-એક્સબ્રેઈન ટ્યુમરની સારવારમાં એક નવા યુગની રજૂઆત કરે છે, જે દર્દીઓને માત્ર ૩૦ મિનિટના સેશનમાં નોન-ઈન્વેસિવ, પીડા-મુક્ત સારવાર પ્રદાન કરે છે.

આ પરિવર્તનશીલ ટેક્નોલોજી, ન્યૂનતમ રેડિયેશન એક્સપોઝર સાથે ચોકસાઈને ફરીથી વ્યાખ્યાયિત કરવાની સાથે, અસરકારકતા અને દર્દી માટે અનુકૂળતાના નવા ધોરણોને સક્ષમ કરે છે. પરંપરાગત પદ્ધતિઓથી વિપરીત, ઝેપ-એક્સમાં સેલ્ફ-શિલ્ડેડ, ગાયરોસ્કોપિક લિનિયર એક્સીલરેટર ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં હજારો સંભવિત ખૂણાઓથી રેડિયોસર્જિકલ બીમ, ઈચ્છિત ટ્યુમર અથવા ટાર્ગેટ પર નાખવામાં આવે છે. આ નવીન પદ્ધતિ મગજના નીચલા ભાગ, આંખો અને ઓપ્ટિક ચેતા જેવા જટિલ ભાગોને ટાળવાની ક્ષમતાને વધારીને દર્દીના પરિણામોને સુધારે છે, અને આમ દર્દીના જ્ઞાનાત્મક કાર્યને સુરક્ષિત રાખવા માટે મગજની સ્વસ્થ પેશીઓના સંપર્કમાં ગંભીર ઘટાડો કરે છે.

ઝેપ-એક્સની પ્રમાણિત ક્લિનિકલ ક્ષમતાઓ, ન્યુરોલોજીસ્ટ અને ન્યુરોસર્જનને દર્દીઓમાં પ્રાઈમરી અને મેટાસ્ટેટિક બ્રેઈન ટ્યુમર, આર્ટરીવેનસ માલફંક્શન (એવીએમ), ટ્રાઈજેમિનલ ન્યુરલજીઆસ, પાર્કિન્સન ડીઝીસ, એપીલેપ્સી જેવા મુવમેન્ટ ડિસઓર્ડર્સ અને મેનીનજીઓમાં, એકોસ્ટિક ન્યુરોમા અને પિટ્યૂટરી એડિનોમા જેવા અન્ય ઈન્ટ્રાક્રેનિયલ લેસિઓન્સની સારવાર, વધુ સારી રીતે અને ઓછી આડઅસર સાથે કરવામાં મદદ કરશે.

### ભારતમાં પ્રથવાર

## 'ઉમરાવ જાન અદાઃ ધ વેસ્ટન્ડ મ્યુઝિકલ'નું પ્રીમિયર અમદાવાદના ઓપન થિયેટરમાં થશે

### 'ઉમરાવ જાન અદાઃ ધ વેસ્ટન્ડ મ્યુઝિકલ' ઈતિહાસ રચશે, જેનું પ્રીમિયર અમદાવાદના એક ઓપન થિયેટરમાં થશે

ઉમરાવ જાન અદાઃ ધ વેસ્ટન્ડ મ્યુઝિકલ જેમાં ઉમરાવ જાનના રૂપમાં નીતુ ચંદ્રા જોવ મળશે, જેનું પ્રીમિયર ભારતના ગુજરાત રાજયના અમદાવાદમાં શહેરમાં થવાનું છે. આ શો એક યુનિક બનવા જઈ રહ્યો છે કારણ કે ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત નાટક 'ઉમરાવ જાન અદાઃ ધ વેસ્ટન્ડ મ્યુઝિકલ'નું ઓપન એર સ્ટેજ પર લાઈવ પરફોર્મ કરવામાં આવશે. નિર્માતાઓએ વિશ્વાસ છે કે આ નાટક ભારતમાં મ્યુઝિકલ પ્રોડક્શન્સ માટે એક બેન્ચ માર્ક સેટ કરશે.

ઓડિયન્સ સ્ટેજ પર ૪૦ લોકોને પરફોર્મ કરતા જોશે. કલાકારો ઉપરાંત સ્ટેજ પર ૪ ગાયકો, ૧૪ પ્રશિક્ષિત કથક કલાકારો અને અન્ય કલાકારો હશે. આ પર્ફોમન્સમાં મ્યુઝિક, ડાન્સ અને સિંગિંગ અને એક્ટિંગ અગાઉથી રેકોર્ડ કરવામાં આવતું નથી તેને લાઈવ પરફોર્મ કરવામાં આવશે. આ નાટક માટે લગભગ ૪૦૦ કોસ્ચ્યુમનો ઉપયોગ કરવામાં આવી



રહ્યો છે જેમાં નીતુ ચંદ્રા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. 'ઉમરાવ જાન અદાઃ ધ વેસ્ટન્ડ મ્યુઝિકલ'માં રેખા સ્ટારર 'ઉમરાવ જાન'ના આઈકોનિક ગીતો સિવાય બે નવા ઓરિજિનલ ગીતો પણ હશે. આખા પ્રોડક્શનને રસપ્રદ બનાવવા સેટને પ્રેક્ષકોની સામે વિરામ વિના બદલવામાં આવશે. શ્રી નીતુ ચંદ્રાએ કહ્યું કે, "હું ખૂબ જ ઉત્સાહિત અને ખુશ છું કે અમે અમદાવાદમાં પ્રીમિયર કરી રહ્યા છીએ. હું ખરેખર અપેક્ષા રાખું છું કે અમદાવાદ મને ઉમરાવ જાન તરીકે સ્વીકારે.

## મહાકાલને વરરાજાની જેમ શણગારાયા, કાશી વિશ્વનાથમાં શિવ અને ગૌરાનાં લગ્ન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

શુક્રવારે મહાશિવરાત્રી હતી. મહાશિવરાત્રી નિમિત્તે દેશભરના તમામ મંદિરોમાં મોડી રાતથી જ ભક્તોની ભીડ જામી હતી. ઉજ્જૈનનું મહાકાલેશ્વર મંદિર હોય કે કાશીનું વિશ્વનાથ મંદિર, ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારે ભગવાન મહાકાલની ભસ્મ આરતી કરવામાં આવી હતી. ભગવાન મહાકાલને વરરાજાની જેમ શણગારવામાં આવ્યા હતા. મહાશિવરાત્રી નિમિત્તે ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં પૂજા-અર્ચના થઈ હતી. ભસ્મ આરતીનો ભગવાનને શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ શ્રી મહાકાલેશ્વર મંદિરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. મહાશિવરાત્રીના અવસરે, કાશી વિશ્વનાથ મંદિરમાં શિવભક્તો ભગવાન શિવ અને માતા ગૌરાના લગ્નના સાક્ષી બન્યા.

### આગામી લોકસભાની ચૂંટણી

## યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય અને મહાન ભારતના નિર્માણ માટે છેઃ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે મંગળવારે મહારાષ્ટ્રના જલગાંવમાં યુવા સંમેલનને સંબોધિત કરતા સ્પષ્ટપણે કહ્યું કે, આગામી લોકસભાની ચૂંટણી યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય અને મહાન ભારતના નિર્માણ માટે છે. ભારતીય જનતા પાર્ટીના અગ્રણી નેતા શાહનું માનવું છે કે, ભાજપને મત આપવાનો અર્થ છે યુવાનો માટે ઉજ્જવળ ભવિષ્ય, મહાન ભારતનું નિર્માણ અને મોદીજીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવું.



છેલ્લાં ૧૦ વર્ષો પર એક નજર નાખીએ તો એમાં કોઈ શંકા નથી કે મોદી સરકારે યુવાનો માટે સ્પેસથી લઈને સેમીકન્ડક્ટર, ડિજિટલથી લઈને ડ્રોન, એઆઈ થી વેક્સિન અને ૫જી થી ફિનટેક સુધીની તકોના દ્વાર ખોલ્યા છે અને અભૂતપૂર્વ કામ કર્યું છે. દેશને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાથી લઈને ૨૦૩૫ સુધી અવકાશમાં સ્ટેશન સ્થાપિત કરવું અને ૨૦૩૬માં ઓલિમ્પિકનું આયોજન કરવાથી લઈને ૨૦૪૦માં ચંદ્ર પર ભારતીય એસ્ટ્રોનોટને મોકલવા સુધીની સફર એટલા માટે પૂર્ણ થશે કેમ કે આ મોદીની ગેરંટી છે.

વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીનો સમય જેમ-જેમ નજીક આવી રહ્યો છે તેમ-તેમ ચૂંટણીની ગતિવિધિઓ પણ વધી રહી છે. શાહે ફરી એકવાર નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા અને ભારતીય જનતા પાર્ટીની જીત સાથે કમળનો સંદેશો ફેલાવવા માટે કમર કસી છે. ભારતીય રાજકારણના ચાણક્ય શાહ જ્યારે ચૂંટણીની તૈયારી કરે છે ત્યારે વિપક્ષ પણ તેમના પ્રશંસક બની જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી અમિત શાહ એકમાત્ર એવા નેતા છે જેમની ચૂંટણી રેલીઓમાં લાખોની ભીડ આવે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં મોદીજીના નેતૃત્વ અને અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ દેશે પ્રગતિ અને સમૃદ્ધિની અભૂતપૂર્વ યાત્રા કરી છે.

દુનિયા જોઈ રહી છે કે મોદી-શાહની જોડીએ ભારતને એક નવી ઓળખ અપાવી છે. તેઓની વિરુદ્ધ એક ઘમંડી ગઠબંધન એકજૂટ થવાનું નાટક કરી રહ્યું છે. જ્યારે સત્ય એ છે કે જે ગઠબંધન પોતે જ લોકશાહી નથી તે દેશમાં લોકશાહી કેવી રીતે સ્થાપિત કરશે ? મોદીજી સામે ઘમંડી ગઠબંધનનું એક જ લક્ષ્ય છે કે સોનિયા ગાંધીને રાહુલને પીએમ બનાવવા છે. શરદ પવારને તેમની પુત્રીને મુખ્યમંત્રી બનાવવા છે, ઉદ્ધવ ઠાકરેએ આદિત્ય ઠાકરેને મુખ્યમંત્રી બનાવવા છે, મમતા દીદીને તેમના ભત્રીજાને મુખ્યમંત્રી બનાવવા છે. સ્ટાલિન પોતાના પુત્રને મુખ્યમંત્રી બનાવવા માંગે છે. હવે અહીં ફરક સ્પષ્ટ છે કે દેશના લોકો માટે કંઈ બચ્યું નથી. આવી સ્થિતિમાં એ પણ સ્પષ્ટ છે કે નરેન્દ્ર મોદી યુવાનો અને વિકસિત દેશના ભવિષ્ય માટે છે.

આ દેશની જનતાએ જોયું છે કે એક સમય હતો જ્યારે સોનિયા-મનમોહનની સરકારમાં પાકિસ્તાનની આલિયા, માલિયા જમાલિયા ઘૂસીને આતંક ફેલાવવાનું કામ કરતા હતા.

### આંતરિક ગૃહ યુદ્ધને લીધે સુદાનની આર્થિક સ્થિતિ ખરાબ

## સુદાનમાં પેટ્રોલની કિંમત લિટરે ૧૬૫૪ પર પહોંચી

। (એજન્સી) ખાર્ટૂમ, તા.૮ ।

આંતરિક ગૃહ યુધ્ધના કારણે ખુવાર થઈ રહેલા આફ્રિકન દેશ સુદાનની આર્થિક હાલત પણ દયાજનક છે. સુદાનમાં પેટ્રોલ ડિઝલની કિંમતોમાં થઈ રહેલા સતત વધારાના કારણે આ દેશમાં હવે ગધેડાઓની ડિમાન્ડ વધી ગઈ છે. લોકો મુસાફરી માટે ગધેડા જોડેલી ગાડીઓ પર વધારે આધાર રાખી રહ્યા છે. અરાજકતા, પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ અને આમ છતા ફ્યૂલની અછતના કારણે સુદાનમાં વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે. લોકોને હોસ્પિટલ લઈ જવામાં પણ મુશ્કેલી આવી રહી છે. ગધેડા ગાડીઓ એમ્બ્યુલન્સ તરીકે કામ કરતી હોવાના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. ઈન્ટરનેશનલ ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર સુદાનમાં ચાલી રહેલા સિવિલ વોરમાં હજારો લોકોના મોત થયા છે અને લાખો લોકો વિસ્થાપિત થઈ ચુકયા છે. આ દેશમાં લશ્કર અને અર્ધ લશ્કરી દળો સત્તા માટે આમને સામને લડી રહ્યા છે. જોકે તેમાં આમ જનતા




પિસાઈ રહી છે.કારણકે પેટ્રોલ પંપો સુધી પેટ્રોલ અને ડીઝલ પહોંચી રહ્યુ નથી. ફ્યુલની અછતના કારણે અત્યારે સુદાનમાં એક લીટર પેટ્રોલ ૨૫૦૦૦ સુદાની પાઉન્ડ એટલે કે ૧૬૫૪ રૂપિયે વેચાઈ રહ્યુ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે અવર જવર માટે ગધેડાઓની માંગ એટલી વધી ગઈ છે કે, અહીંના માર્કેટમાં ગધેડાઓ પણ ૩૫૦ થી ૪૫૦ ડોલર એટલે કે ૩૦૦૦૦ થી ૩૭૦૦૦ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યા છે. લોકો પાસે અવર જવર કરવા માટે બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી. પેટ્રોલ ડિઝલની સાથે સાથે ખાવા પીવાની વસ્તુઓના સપ્લાય પર પણ આંતરિક હિંસાની માઠી અસર પડી રહી છે.

## તંત્રી લેખ...

### ભારતે ચીન સાથેની સરહદને મજબૂત કરવા માટે નવી રણનીતિ બનાવી છે

ભારતે ચીન સાથેની પોતાની વિવાદિત સરહદને મજબૂત કરવા માટે નવી રણનીતિ બનાવી છે. સેનાએ ભારત-ચીન સરહદ પર પશ્ચિમી સરહદ પર તૈનાત ૧૦,૦૦૦ સૈનિકોને ચીન સાથેની બોર્ડર પર તૈનાત કર્યા છે. જો કે સેનાના અધિકારીઓએ આ અંગે કોઈ ઔપચારિક માહિતી આપી નથી. આ સૈનિકોને ઉત્તરાખંડથી લઈને હિમાચલ પ્રદેશ સુધીની ચીન સરહદ પર તૈનાત કરવામાં આવ્યા છે. ભારત-ચીન સરહદના આ વિસ્તારમાં પહેલેથી જ ૯૦૦૦ સૈનિકો તૈનાત છે. ભારતીય સૈનિકો ૫૩૨ કિલોમીટર લાંબી સરહદને વધુ સુરક્ષિત કરશે. છેલ્લા દાયકામાં આ પ્રદેશે વિશાળ માળખાકીય રોકાણ અને વિકાસ જોયો છે. કેન્દ્રમાં ભાજપની સરકાર બન્યા બાદ આ વિસ્તારમાં પ્રવાસનને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૦માં ચીન સાથેની અથડામણમાં ઓછામાં ઓછા ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. ભારતીય સૈનિકોએ પણ ચીનને જડબાતોડ જવાબ આપ્યો હતો, પરંતુ ચીને દુનિયામાં બદનામીના ડરથી તેના સૈનિકોના મૃત્યુની સંખ્યા જાહેર કરી ન હતી. આ ઘટના પછી, વર્ષ ૨૦૨૧માં, ભારતે ચીન સાથેની તેની સરહદ પર પેટ્રોલિંગ કરવા માટે વધારાના ૫૦,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા. આ ઘટના બાદથી, ભારત અને ચીને સરહદી વિસ્તારોમાં સૈન્ય સંબંધિત માળખાકીય સુવિધાઓ વધારી છે અને વધુ સૈનિકો તૈનાત કરવા ઉપરાંત તેમની સરહદો પર મિસાઈલો અને એરક્રાફ્ટ તૈનાત કર્યા છે. તાજેતરમાં, ભારતના સંરક્ષણ સચિવ ગિરધર અરમાણેએ કહ્યું હતું કે એવી સંભાવના છે કે આપણે ૨૦૨૦ જેવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે, તેથી અમે હંમેશા સક્રિય રહીએ છીએ. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહનું કહેવું છે કે તેઓ સૈનિકોનું મનોબળ ઉંચુ રાખવા માટે સતત કામ કરી રહ્યા છે. તેઓ ભારત પર ખરાબ નજર નાખનાર કોઈપણને યોગ્ય જવાબ આપવા સક્ષમ અને તૈયાર છે. જાપાનમાં વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે ચીને ભારત સાથે લાંબા સમયથી ચાલતા લેખિત કરારોનું પાલન કર્યું નથી. તેમણે ગલવાન ઘટનાનો ઉલ્લેખ કર્યો. સાથે જ તેમણે આ માટે જવાબદાર પણ ગણાવ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વાઈબ્રન્ટ ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ ૨૦૨૪ સંપન્ન

#### ફિલ્મ ઈન્ડસ્ટ્રીના માધ્યમથી ગુજરાતની ટૂરિઝમ લીગસી અને વિરાસત વિશ્વ સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યા છે

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, વિકાસના મોડેલ તરીકે જાણીતું બનેલું ગુજરાત હવે ફિલ્મ ઉદ્યોગનું હબ બની રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર ફિલ્મ ઉદ્યોગના વિકાસ અને સિનેમેટિક ટૂરિઝમને પ્રોત્સાહન માટે આપવા પ્રતિબદ્ધ છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ તથા કલર્સ ગુજરાતીના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સમારોહ ગુજરાતની કલા અને સંસ્કૃતિનું સન્માનના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારને સાર્થક કરનારો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે પરિણામદાયી પ્રયાસો થયા છે. જેની ફલશ્રુતિ સ્વરૂપે અન્ય ઈન્ડસ્ટ્રીઝ સાથે હવે ફિલ્મ-ઈન્ડસ્ટ્રી પણ ગુજરાતના સ્ટ્રેટેજિક ટૂરિઝમ લોકેશન્સ તરફ આકર્ષાઈ છે. તેનું ઉત્તમ ઉદાહરણ તાજેતરમાં જ યોજાયેલો ફિલ્મફેર એવોર્ડ્સ છે.

આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રી ગુજરાતની ટૂરિઝમ લીગસી અને વિરાસતને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી રહી છે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પરિવર્તનમાં સમગ્ર ગુજરાતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો પરિશ્રમ છે, એમ તેમણે જણાવ્યું હતુ. આજના કાર્યક્રમને મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની વિકાસગાથાને પોતાના કલાકસબથી આગવી બનાવનારા કલાકારોને પોંખવાનો અને સન્માનવાનો અવસર ગણાવ્યો હતો. વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ની ફિલ્મો માટે આશરે ૧ કરોડ ૧૬ લાખ રૂપિયા જેટલી રકમના પુરસ્કાર મળવા બદલ તેમણે તમામ કલાકારોને પુનઃ અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતે ફિલ્મિંગ ઈન્સેન્ટિવ સ્કીમ ઉપરાંત સિનેમેટિક ટૂરિઝમ પોલીસી પણ અમલમાં મૂકી છે, જેના પરિણામે વિકાસના મોડેલ તરીકે જાણીતું બનેલું ગુજરાત હવે ફિલ્મ ઉદ્યોગનું હબ બની રહ્યું છે. એટલું જ નહિ, પ્રાદેશિક ભાષાની ફિલ્મોને પ્રોત્સાહન મળે તેનો પ્રેક્ષક વર્ગ વધે અને નિર્માતાઓને પણ નિર્માણ ખર્ચમાં સહાય મળે એવી પોલીસીઝ પણ અમલમાં છે. માત્ર ગુજરાતી જ નહીં હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાની ફિલ્મોના શૂટિંગ માટે ગુજરાત પસંદગીનું ડેસ્ટિનેશન બની રહ્યું હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગીર ફોરેસ્ટ, સ્ટેચ્યુ ઑફ યુનિટી, કચ્છનું સફેદ રણ, રાણકી વાવ, મોઢેરા સૂર્યમંદિર જેવાં સ્થળોએ ફિલ્મના શૂટિંગ દ્વારા વિશ્વને ગુજરાતના વૈભવશાળી વારસોનો ઐતિહાસિક, પ્રાકૃતિક-સાંસ્કૃતિક પરિચય થઈ રહ્યો છે. સાથોસાથ એક ભારત-શ્રેષ્ઠ ભારતની સંકલ્પને પણ સાકાર કરે છે. વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને વિકસિત ગુજરાત દ્વારા પાર પાડવા ગુજરાતી ફિલ્મજગત અને કલાકારો અગ્રિમ ભૂમિકા નિભાવશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રેષ્ઠ અભિનેતા, શ્રેષ્ઠ અભિનેત્રી સહિત વિવિધ કેટેગરીના એવોર્ડ્સ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં શ્રેષ્ઠ અભિનેતા તરીકે વર્ષ ૨૦૨૦ માટે મલ્હાર ઠાકર(ગોળ કેરી), ૨૦૨૧ માટે આદેશ સિંઘ તોમર(ડ્રામેબાજ) અને ૨૦૨૨ માટે યશ સોની(ફક્ત મહિલાઓ માટે)ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

શીર્ષક :- વૈશ્વિક શાંતિ નથી થતી!! સતત એવી મનોવ્યથા થવી એ પણ આત્મલીંગનો અભિષેક છે

# શિવરાત્રી એ ફાગણની શરુઆત પહેલાંનો લોકપ્રિય અને શિયાળાનો અંતિમ તહેવાર છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ગુરુ અપરાધ થાય તેને સાક્ષાત ઈશ્વર પણ છોડતો નથી, પોતાના કોઈપણ શિષ્યને શાપિત થતા જોઈ શકતા નથી, ભલે તેણે તેનો અપરાધ કર્યો હોય છતાં પણ, તે તેની શાપ મુક્તિ માટે ઈશ્વરને આરાધે છે**

ગઈકાલે શિવરાત્રીનો તહેવાર હતો, શિવરાત્રી આવે એટલે ભોળોભંડારી સૌને યાદ આવે, અને સાથે સાથે જટાજૂટધારી, હિમાલય સ્થિત, મૃગચર્મના આસને બીરાજમાન સમાધિસ્થ શંકર, સૌની સ્મૃતિમાં ઓળઘોળ થવા લાગે.શિવાલયમાં ઓમ નમઃ શિવાય, શિવ મહિમ્ન સ્તોત્ર, લંકાપતિ રાવણ રચિત શિવ તાંડવ સ્તોત્ર રુદ્રાષ્ટક, અને હાટકેશ્વર સ્તોત્ર, તેમજ ભગવાન ભોળા શંકરના ભજનોની સીડી વાગતી હશે. વર્ષે વર્ષે મંદિરમાં વધુને વધુ ભીડ જોવા મળશે , કારણ કે સૌ કોઈ ને વૈશ્વિક અશાંતિ સ્પર્શે છે અને શાંતિ એ મૂળ માનવીય ગુણ હોવાથી એની ઝંખના એને રહે એ સ્વાભાવિક છે. પણ એ વાત જુદી છે કે કોઈ ને શાંતિ માટે એવું ખાસ કંઈ કરવું નથી! અને એવી કોઈ દવા તો શોધાઈ નથી કે એ લેવાથી શાંતિ મળે! ઘણીવાર પરિસ્થિતિ વણસી જાય ત્યારે પ્રાર્થના કરવાથી પરિણામ મળે છે. એ રીતે વિચારીએ તો આપણે ત્યાં એક કહેવત છે, કે દવાની સાથે-સાથે દુઆ પણ ભળે તો તે વધારે અસરકારક સાબિત થાય છે. શિવ શંકરનો દૂધથી ઘણા વર્ષો અભિષેક કર્યો, બિલ્વપત્ર પણ ઘણા વર્ષો સુધી ચડાવ્યું, અને ઘણા વર્ષો ઉપવાસ કર્યા. પરંતુ હવે આપણે સૌ આ શિવરાત્રીએ શંકરને આપણી વૈશ્વિક શાંતિની મનોવ્યથાનો અભિષેક કરી અને રીઝવવાનો પ્રયાસ કરીએ. હે ઉમાપતિ મહાદેવ, હે ઉમા પતિ મહાદેવ!આજે સમસ્ત જગત જ્યારે અંધકારમાં ગર્ત થતું દેખાય છે, ત્યારે સૌને એક આપનું શરણ યાદ આવ્યું છે. શિવલિંગ પર, દૂધનો અભિષેક થાય, બિલિપત્ર, કેવડો ચંદન, ધતુરો, વગેરે થી તારું પૂજન થાય.સામાન્ય રીતે આ શાસ્ત્ર વિધિથી આ રીતે પૂજન થાય તેને આપણે રુદ્રી કે રુદ્રાભિષેક એવું નામ આપીએ છીએ, અને આપણે સૌ જાણીએ છીએ કે રુદ્રાભિષેકનું બહુ મોટું મહત્વ છે, વેદ થી શરૂ કરીને દરેક શાસ્ત્રોમાં રુદ્રાભિષેકનો ઉલ્લેખ છે.જેણે કોઈએ શિવ પાસેથી વરદાન પ્રાપ્ત કર્યું છે, તેણે આ રુદ્રાભિષેક વિશે અથવા રુદ્રીના પાઠનો પ્રયોગ અવશ્ય કર્યો છે. આપણે તુલસીકૃત રામાયણમાં રુદ્રાષ્ટક નામે રચાયેલા એક રુદ્રીના આઠ શ્લોકનું અષ્ટક રચાયું છે, એ રીતે શ્લોક ગાનને ભાવાર્થ ને સમજીને શીવરાત્રીની ઉજવણી કરીએ.

**નમામિશમીશાન નિર્વાણ રૂપં, વિભું વ્યાપકં બ્રહ્મ વેદસ્વરૂપં. નિજં નિર્ગુણં નિર્કિલ્પં નિરીહં । ચિદાકાશમાકાશવાસં ભજેહં નિરાકારમોંકારમૂલં તુરીયં, ગિરા જ્ઞાન ગોતીતમીશં ગિરીશં, કરાલં મહાકાલ કાલં કૃપાલં, ગુણાગાર સંસારપારં નતોહં.....**

આપણે બધા જ આ રુદ્રાષ્ટકની પાછળના ઈતિહાસથી લગભગ પરિચિત છીએ. સમાજના અમુક કથાકાર વર્ગનો આપણે અહેસાન માનવો રહ્યો, કે આવી બધી શાસ્ત્રો ગત સ્તુતિથી તેણે આપણને પરિચિત કરાવ્યા અને લોક જીભે ચડાવી. એમાં પણ પૂજ્ય મોરારી બાપુની કથા ચાલતી હોય, અને તેના મુખે શંકરની આ સ્તુતિ સાંભળવાનો લ્હાવો અનેરો છે. ગુરુ શિષ્યના સંબંધ વિશે તો એનાથી વધુ સ્પષ્ટ, સુંદર, અને શ્રેષ્ઠ કોણ વ્યાખ્યા કરી શકે! સદગુરુ ભાવનું એ પોતે ઉત્તમ ઉદાહરણ છે. શિવ શંકરની લગભગ ઘણી સ્તુતિ સંસ્કૃતમાં છે, અને મોટાભાગની સ્તુતિ તો ભગવાન શંકરાચાર્યના સ્વ હસ્તે રચિત છે. પરંતુ આ તુલસીદાસ રચિત સ્તુતિ છે. રામાયણમાં આવતા કાગભુષંડીના પાત્રથી કોણ અજાણ છે!, એ કાગભુષંડી તેની પહેલાં આ મનુષ્ય અવતારમાં ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં જાય છે. ત્યાં આગળ પોતાના ગુરુને બેઠેલા જોવા છતાં તે અણ દેખ્યું કરે છે, અને આ દ્રશ્ય જોઈ મહાકાલ ક્રોધાયમાન થઈ, અને તેને કાગડો બનવાનો શાપ આપે છે. તે જોઈ તેમના ગુરુ વ્યથિત થઈ જાય છે, અને મહાકાલને પ્રસન્ન કરવા માટે આ સ્તોત્ર ગાન કરે છે. એટલે ગુરુ શિષ્યના સંબંધને દર્શાવતી આ સ્તુતિ એ બતાવે છે, કે ગુરુ અપરાધ થાય તેને સાક્ષાત ઈશ્વર પણ છોડતો નથી. તો બીજી બાજુ ગુરુ પોતાના કોઈપણ શિષ્યને શાપિત થતા જોઈ શકતા નથી, ભલે તેણે તેનો અપરાધ કર્યો હોય છતાં પણ, તે તેની શાપ મુક્તિ માટે ઈશ્વરને આરાધે છે. આ અરસપરસનો સંબંધ દેખાડતી આ રચના બહુ જ અદભુત છે, અને સંસ્કૃતિની યોગ્ય સંધિ, અને લય, તાલ સાથે જ્યારે કથાઓમાં ગવાતી હોય છે, ત્યારે સાક્ષાત શંકરનું નિરાકાર સ્વરૂપ આપણને અનુભવાય છે. અને ઉજ્જૈનના મહાકાલના મંદિરમાં તે દિવસે સાક્ષાત શંકર પ્રગટ થયા એવી કથા છે, અને એ કાગ સ્વરૂપ કાગડાએ ઋષિ બની, રામાવતારમાં શંકરનો ચેલો બની, અયોધ્યામાં રામ દર્શને તેની સાથે જાય છે. જ્યારે ઉત્તર કાંડમાં ગરુડને અહમ આવતા કાગભૂષંડી ખગ રાજ ને રામકથા કહી તેના સમસ્ત સંશયનો નાશ કરે છે. તો હે મહાદેવ અમારા આ તમામ સંશયોનો નાશ કરવા અને આ સમાજમાં શાંતિની પુનઃસ્થાપન માટે આપની કૃપા કરુણાની બહુ જ જરૂર છે માટે હે શિવ શંકર આપ અમારી મદદે આવો. ભક્તિ એ એવો જાદુ છે જે જીવને જીવન મુક્ત કરે છે. આપણને કોઈપણ બંધનમાંથી મુક્ત કરે છે, અને પાપ-પુણ્યના બંધન પણ તે તોડી શકે છે. શરણાગત ભાવ જીવનનો સર્વશ્રેષ્ઠ ભાવ છે, એક વાર મળે પછી જ જીવનના રહસ્ય સમજાય છે. વૈભવ થી શરૂ થયેલી સાધના કે પૂજાપાઠ એટલે કે સાકાર બ્રહ્મની ઉપાસના કરતા કરતા જે નિરાકાર બ્રહ્મ ને અનુભવે છે પ્રકૃતિમાં પંચમહાભૂત ને તે ઈષ્ટ અથવા પરમ શક્તિ સ્વરૂપે અનુભવી અને ભાવનું નિરુપણ કરે છે, અને જીવનના મુખ્ય ત્રણ ભાવો એટલે સત્ય પ્રેમ અને કરુણા ને મેળવે છે.જે તેની જન્મો જનમની પુંજી છે. આપણને સૌને સમાજની અશાંતિ પરેશાન કરે છે, પણ આપણે પણ એની માટે થોડાં જવાબદાર છીએ! એવું કોઈ વિચારતું નથી. દરેક મનુષ્ય પોતાની આદતો પ્રમાણે જીવે તો, પછી સમાજના આર્થિક રીતે ઉચ્ચ અને નબળો એવા વર્ગો પડે જ! જે બહુ સ્વાભાવિક છે. વર્ગો પડે એટલે બહુ સ્વાભાવિક રીતે જ દેખાદેખી, સરખામણી, તફાવત, બધું જ થાય.આ રીતે જ સમાજમાં વિકાર પ્રવેશે છે, અને હિંસા, નિંદા, ઈર્ષ્યા, વગેરેનું પ્રમાણ પણ વધે છે. તત્વચિંતન કરતા આ બધું બહુ જ સ્પષ્ટ દેખાય છે, અને સામાજિ વિકાસનો ગ્રાફ ઊંચે આવવાની બદલે નીચો જાય છે. આ એક બહુ સહજ બાબત છે, અને જે સૌ કોઈ સ્વીકારશે, કે આ આદતોના આપણે ગુલામ બની રહ્યા છીએ. તો તેને વિષે થોડું વિચારી અને જીવન રહેતા થોડુંક સુધરી જવું વ્યાજબી જીવનનું કોઈ પણ સંકટ કે સમસ્યા એટલી મોટી હોતી નથી, પણ મનુષ્યની બુદ્ધિ અથવા તેનો સ્વભાવ તેને અતિ મોટી બનાવી, અને જીવનને એક ફરિયાદ બનાવી દે છે. તો બધાના જીવનમાં આજે જ્યારે આ શ્રદ્ધા અને ભક્તિભાવથી ભરાવાની ઘડી આવી છે, તો તે તકનો ઉપયોગ કરી, આપણે સૌ આ વખતે શિવરાત્રી આ રીતે મનાવીએ, શંકરને પૂરી શ્રદ્ધાથી આરાધીને સૌ ઉત્તમ ગતિને પ્રાપ્ત કરીએ,અને જેટલી બની શકે એટલી ઝડપથી પૂરાં વિશ્વમાં શાંતિ સ્થપાય અને અન્ય સામાજિક દૂષણ રુપી અંધકાર દૂર થાય એવી શિવ શંકરને પ્રાર્થના કરીએ.

રાષ્ટ્ર, સમાજ અને જીવોના હિત માટે પ્રેમથી ઝેર પીનાર જ મહાદેવ બની શકે છે, અસમાનતાના ઝેરને પચાવ્યા વિના કોઈ મહાન બની શકતું નથી

# માયા સર્વને નચાવે છે, મન ઉપર વિશ્વાસ ન રાખો, આ માયા કયારે ખાડામાં ફેંકશે તે કહેવાય નહીં, જિતાય તેવો ફાંકો રાખશો નહીં



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કુદરતનો સનાતન નિયમ છે, જ્યાં સુધી આપણું જીવન સમાજમાં દાન અને પરોપકારમાં વ્યસ્ત રહેશે ત્યાં સુધી આપણી પ્રતિષ્ઠા અકબંધ રહેશે અને આપણું જીવન પણ ઉપયોગી રહેશે, દાન કરવાથી જ પ્રતિષ્ઠા વધે છે**

ઈશ્વર અનુગ્રહ કરે છે ત્યારે જ મન નિર્વિષય બને છે. ગીતાજી કહે છેકે,વિષયોમાંનો રાગ,વિષયોમાંની આસક્તિ તો પરમાત્માનો સાક્ષા ત્કાર થાય, કૃપા થાય ત્યારે જ મટે છે. દૈત્યો ભગવાનની વિમુખ હતા એટલે તેઓને અમૃત મળ્યું નહીં. માટે સંસારની મોહિનીમાં ફસાશો નહીં. ફસાશો તો ભક્તિરૂપી અમૃત મળશે નહીં. આમ મોહિની ભગવાને બધું અમૃત દેવોને પિવડાવી દીધું, અને ખાલી ઘડો દૈત્યો પાસે પછાડયો. દૈત્યો કહે છે, દગો, દગો! વિષ્ણુ સાડી પહેરીને આવ્યા. તને શરમ નથી! તે પછી દેવ- દૈત્યોનું ભયંકર યુદ્ધ થયું. દૈત્યોનો પરાજય થયો. સંસારની મોહિનીમાં જે ફસાય છે તે દૈત્ય છે. દૈત્યોનો પરિશ્રમ-તપ સંસાર સુખ માટે જ હોય છે. રાવણે ક્યાં ઓછું તપ કર્યું હતું? હિરણ્યકશિપુએ ક્યાં ઓછું તપ કર્યું હતું? પણ તેઓનું તપ ભોગ માટે હતું, ભગવાન માટે ન હતું. નારદજીને કૌતુક બહુ ગમે એટલે એ દોડયા કૈલાસમાં. ત્યાં જઈ શિવજીને કહે,મોહિની નારાયણનાં દર્શન કરવા ઝટ ઝટ વૈકુંઠ જાઓ એટલે શિવજી વૈકુંઠ આવ્યા. ભગવાન કહે કે,મારે તમારું મોહિની સ્વરૂપ જોવું છે. પ્રભુએ લીલા કરી. એક સુંદર બગીચો દેખાયો, ત્યાં એક અતિ સુંદર સ્ત્રી હાથમાં દડો લઈ રમતી હતી. ભગવાનની માયાથી શંકર પણ મોહિત થયા. જ્ઞાનગંગા માથે રાખે અને ધર્મ ઉપર સવારી કરે છે તેને કામ શું અસર કરી શકે! પણ ભગવાનની માયાને તરવી બહુ મુશ્કેલ છે. ગીતામાં ભગવાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, મારી આ ગુણમયી માયાને તરવી બહુ જ મુશ્કેલ છે, પરંતુ જે મારે શરણે આવે છે તેજ તેને તરી શકે છે. શિવજીએ વિચાર્યું કે, દર્શનમાં આટલો આનંદ આવે છે તો મિલનમાં કેટલો આનંદ આવશે? એટલે એ મિલન માટે આતુર થાય, ને દોડયા ત્યારે ચતુર્ભુજ નારાયણ પ્રગટ થાય! હરિહરનું મિલન થયું. હરિહર તત્ત્વ એક જ છે.પછી શિવજી કૈલાસમાં આવ્યા ઋષિ ઓને બોધ આપ્યોકે,મારા શ્રીકૃષ્ણ ની માયા સર્વને નચાવે છે. મન ઉપર વિશ્વાસ ન રાખો.આ માયા કયારે ખાડામાં ફેંકશે તે કહેવાય નહીં. જિતાય તેવો ફાંકો રાખશો નહીં. આમ શિવજી મનુષ્યોને સમજાવે છે કે, હરિસ્મરણ અને હરિકીર્તન થી મનુષ્ય મોટ મોહમાંથી બચી શકશે. મોહિની એટલે ભગવાનની માયા. એને તરવાનું રેંજીપેંજીનું કામ નથી મનોબળવાળા પરાક્રમી, ભક્તનું જ એ કામ છે. બાકી મોટા મોટા સંત-મહાત્માઓ ભગવત માયા જોઈ ગોથાં ખાઈ જાય છે, ત્યાં સામાન્ય માનવીનું શું ગજું? તે પછી શુકદેવજી પરી રાજાને વામન ભગવાનની કથા સંભળાવી. દેવ-દૈત્યોનું યુદ્ધ થયા પછી દૈત્યો શુક્રાચાર્યનેશ ગયા. શુક્રાચાર્યની મદદથી દૈત્યોનું બળ વધ્યું. શુક્રા ચાર્યે બલિને કહ્યું કે, તું વિશ્વજીત પાક બલિએ વિશ્વજીત યજ્ઞ કર્યો. તે યજ્ઞમાંથી સર્વજિત રથ નીકળ્યો. જે શુક્રની સેવા કરે છે તે બલિ બને છે. શુક્ર-શક્તિ તત્ત્વ છે. તેના આધારે શરીર બન્યું બ્રહ્મચર્યની સેવા કરો તો બલિ થશો. શુક્રાચાર્ય એટલે સંયમ. બ્રહ્મચર્યની સેવા કરવા એક સંયમ, બ્રહ્મચર્ય પાળવાથી દૈત્યો બલિ થયા, બળ વાન થયા. બલિએ સર્વ વિષયોનો યજ્ઞમાં હોમ કર્યો.સંયમરૂપી અગ્નિમાં સર્વ વિષયોનો હોમ કરી જ જિતેન્દ્રિય બન્યો, અને બળવાન થયેલા બલિને શુક્રાચાર્યે પોતાનું બ્રહ્મતેજ આપ્યું. બલિર'' દેવોનો પરાભવ કર્યો અને સ્વર્ગનું રાજ મેળવ્યું. પછી બલિ ઈન્દ્રાસન ઉપર બેઠો. શુક્રાચાર્યસિ કરે છે. બલિ સો અશ્વમેઘ યજ્ઞ કરે તો સ્વર્ગનું રાજ્ય કાયમને માટે મળે. યજ્ઞ કરવા બલિને ભૃગુકચ્છ (હાલના ભરૂચ) તીર્થમાં આવ્યા. દેવોની લાચાર હાલત જોઈ દેવોની માતા અઈિ બહુ દુઃખ થયું. તેમણે કશ્યપ પાસે માગ્યું કે, મારા છોકરાઓને સ્વર્ગનું રાજ્ય પાછું મળે વરદાન આપો! કશ્યપ કહે છે. આવી બાબત પ્રભુ પર છોડવા સિવાય બીજો ઉપાય નથી. દેવી. તમે ફાગણ મહિનામાં વિધિપૂર્વક પયોવ્રત નામનું વ્રત કરો તો પરમાત્મા તમારા ઘરે પુત્રરૂપે આવશે. અદિતિ અને કશ્યપ ગૃહસ્થાશ્રમી છે. બંને પતિપત્ની પ્રભુભક્ત છે. આવા ગૃહસ્થાશ્રમીને વગર યોગાભ્યાસે યોગનું ફળ મળી શકે છે. ગૃહસ્થાશ્રમ તો જે યત્ર કાબુમાં રાખવી પડે છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મ મુખ્ય છે. ભોગ નહીં.આજ તો વરરાજા ઘોડા પર બેસતા બીએ છે. પોગ કરી શકતા નથી તેને પણ યોગનું ફળ આપવાવાળો છે. ગૃહસ્થાશ્રમમાં અગિયાર ઈન્દ્રિબેમા બીબે છે, કારણ કે ઘોડાને કાબુમાં રાખવા લગામ પકડતાં આવડતી નથી. જેની લગામ પોતાના હાથમાં નહીં તે ગૃહસ્થાશ્રમ ખાડામાં જ પડે. શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમના ઘણાં વખાણ કર્યા છે. નિંદા કામવાસનાની કરી છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે, ગૃહસ્થાશ્રમીનો આનંદ અનેક વખત યોગીઓના આનંદ કરતાં પણ ચડિયાતો છે.સ્ત્રી કે પુરુષ કોઈની નિંદા કરતા નથી.નિંદા કેવળ વાસનાની કરાય છે. કશ્યપ અદિતિનો ગૃહસ્થાશ્રમ દિવ્ય હતો. બંને પવિત્ર જીવન ગાળી તપશ્ચર્યા કરતાં હતાં. તેથી પ્રભુને થયું કે,આજે હું એમના ઘરે જન્મ લઉં. અદિતિ એટલે અભેદ બુદ્ધિ -બ્રહ્મા કાર વૃત્તિમાંથી બ્રહ્મ પ્રગટ થાય છે. કશ્યપ એ મન છે. જેની મનોવૃત્તિ બ્રહ્મકાર બની છે. તે કશ્યપ છે. સ્ત્રી જો અદિતિ બને અને પુરુષ જો કશ્યપ બને તો તેને ઘરે ભગવાન અવતાર લે છે, ત્યારે પરમાત્મા પ્રગટ થાય છે. યોગીઓ બ્રહ્મચિંતન કરતાં બ્રહ્મ મય થઈ શકે છે, પરંતુગૃહસ્થાશ્રમી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે. દેહદષ્ટિ હશે ત્યાં સુધી કામ તમારી પાછળ છે માટે કામનો વિનાશ કરવો હોય તો દેહદષ્ટિ રાખવાને બદલે દેવદષ્ટિ રાખો. દષ્ટિ કેન્દ્ર બદલવાનું છે. દષ્ટિ એની એ છે,પણ કયા કાચ માંથી કઈ તરફ જોવાય છે તેના પર આધાર છે. ભાગવત પરમહંસોનું શાસ્ત્ર છે. તે દષ્ટિદાતા છે. જગત બગડ્યું નથી. મનુષ્યની આંખ-મન-બુદ્ધિ બગડ્યાં છે. તું તારા કાળજાને સુધાર. તારા આંખ-મન બુદ્ધિને સુધારે તો જગત સુધરી જશે. કોઈને બાહ્યકારે જોશો નહીં.એક વખતે જનકરાજાના દરબારમાં અષ્ટાવક્ર મુનિ પધાર્યા. તેમનાં આઠે અંગ વાંકા જોઈ બધા હસવા લાગ્યા. અષ્ટાવક્ર પણ તેથી હસવા લાગ્યા.જનકરાજા તેમને પૂછે છે, અમે સર્વ તો તમારું વાંકું શરીર જોઈને હસીએ છીએ; પરંતુ અહીં તમે શા માટે હસો છે? અષ્ટાવક્ર બોલ્યા, મેં માન્યું હતું કે,જનકરાજાના દરબારમાં બધા જ્ઞાનીઓ વિરાજે છે, પરંતુ અહીં તો બધા ચમાર ભેગા થયા છે એ જોઈ હું હસું છું. શરીર તો જેવું તમાર છે, તેવું જ મારું છે. તમારા આકાર કરતાં મારા અંગોનો આકાર થોડો જુદો પડ્યો એ તો જોયું પણ બીજું કાંઈ જોયું? તમે જોવાનું જોયું નહીં તેથી મને હસવું આવ્યું. તમે બ્રહ્મમય દષ્ટિવાળા હો કૃતિને જુઓ, મનુષ્ય પેઠે કેવળ આકૃતિમાં શું જુઓ છો? યોગાનંદજી મહારાજ તેમના ઉપદેશોમાં કહેતા હતા કે-જે પોતાના માટે જીવે છે તેના પર કોઈ ધ્યાન આપતું નથી, પરંતુ જ્યારે તમે બીજા માટે જીવતા શીખો છો, ત્યારે તેઓ પણ તમારા માટે જીવવા લાગે છે.'' બેશક આ એકદમ સાચું છે. વૃક્ષો ત્યારે જ આપણને ફળ આપી શકે છે. જ્યારે આપણે તેમની સારી કાળજી લઈએ, તેમને ખાતર, પાણી સમયાંતરે આપીએ અને યોગ્ય કાળજી લઈએ.જે દિવસે આપણે તેમની અવગણના અનુભવીએ છીએ, તેઓ આપણ ને તેમની ઠંડી છાયા અને મીઠા ફળોથી વંચિત રાખશે. જે ઉપયોગી છે તે પણ મૂલ્યવાન છે, આ કુદરતનો સનાતન નિયમ છે. જ્યાં સુધી આપણું જીવન સમાજમાં દાન અને પરોપકારમાં વ્યસ્ત રહેશે ત્યાં સુધી આપણી પ્રતિષ્ઠા અકબંધ રહેશે અને આપણું જીવન પણ ઉપયોગી રહેશે. દાન કરવાથી જ પ્રતિષ્ઠા વધે છે. તમે બીજા માટે સારું વિચારો છો, તમે બીજા માટે જીવતા શીખો છો, હજારો હોઠ દરરોજ તમારા માટે પ્રાર્થના કરવા આતુર હશે અને હજારો હાથ દરરોજ તમને ટેકો આપશે.ભગવાન શિવ શુભ અને શુભ છે. સમગ્ર વિશ્વના કલ્યાણની અનુભૂતિ પણ શિવત્વનું જ સ્વરૂપ છે.

**હેમા માલિનીની જિદ**

**ફિલ્મમાં ઝીનત ધર્મેન્દ્રની ઓપોઝિટ કામ કરવાની હતી, ઈચ્છા પૂરી ન થવા દીધી**

# હેમાએ ધર્મેન્દ્રને હિરોઇન સાથે ન કરવા દીધા અમુક સીન્સ

ધર્મેન્દ્રએ આમ તો ૭૦ અને ૮૦ના દશકની તમામ મોટી હિરોઈનો સાથે સ્ક્રીન પર રોમાન્સ કર્યો છે. જો કે તેમની જોડી મોટાભાગે હેમા માલિની સાથે વધુ પસંદ કરવામાં આવી. બંનેએ પોતાના ફિલ્મી કરિયરમાં આશરે ૩૦ ફિલ્મોમાં એકસાથે કામ કર્યુ, જેમાં મોટાભાગની ફિલ્મો બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. બોલિવૂડની હિટ મશીન રહેલી આ જોડીની એક ફિલ્મ ૧૯૮૦માં આવી હતી. ફિલ્મને ઉમેશ મહેરા અને લતીફ ફેજિયેવે મળીને ડાયરેક્ટ કરી હતી. ફિલ્મની સ્ટોરી અરેબિયન નાઈટ્સની સ્ટોરી પર આધારિત હતી. તે ફિલ્મનું નામ હતું 'અલીબાબા ઔર ચાલીસ ચોર. આ ફિલ્મમાં ધર્મેન્દ્ર-હેમામાલિની ઉપરાંત ઝીનત અમાન પણ હતી. 'અલીબાબા ઔર ચાલીસ ચોર' વર્ષ ૧૯૮૦ની એક હિટ ફિલ્મ હતી. આ ફિલ્મને મેકર્સે ૧.૬૦ કરોડમાં બનાવી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર, ભારતીય બોક્સ ઓફિસ પર ૧૬ કરોડ અને સમગ્ર વિશ્વમાં આ ફિલ્મે ૨૨ કરોડની કમાણી કરી હતી. રિપોર્ટ અનુસાર, ફિલ્મ સતત ૨૫ અઠવાડિયા સુધી થિયેટરમાં ચાલી હતી અને



સિલ્વર જુબલી હિટ સાબિત થઈ હતી. કહેવાય છે કે આ ફિલ્મના લગભગ ૨.૧૦ કરોડનું વેચાણ માત્ર ભારતમાં જ થયું હતું. આ સાથે સોવિયત યૂનિયનમાં લગભગ ૫.૨૮ કરોડ ટિકિટો વેચાઈ હતી. એટલે કે આ ફિલ્મની લગભગ ૭.૪૦ કરોડ ટિકિટ દુનિયાભરમાં વેચાઈ હતી. જણાવી દઈએ કે આ ફિલ્મ ધર્મેન્દ્ર-હેમાની જોડીની ૧૭મી ફિલ્મ હતી, જે બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. કહેવાય છે કે ઝીનત અમાને આ ફિલ્મ માત્ર ડાયરેક્ટર ઉમેશ મહેરાના કારણે કરી હતી, જ્યારે તેણે આ ફિલ્મમાં પોતાના રોલ માટે સમાધાન પણ કર્યું હતું. રિપોર્ટ્સ અનુસાર, ઝીનત અમાન આ ફિલ્મમાં સેકન્ડ લીડ રોલ કરવા માગતી ન હતી. તે પહેલા ધર્મેન્દ્રની સામે લીડ રોલમાં હતી. બાદમાં આ ફિલ્મમાં ઝીનતની જગ્યાએ હેમા માલિનીને



લેવામાં આવી હતી અને તેણે ધર્મેન્દ્ર સાથે રોમાન્સ કર્યો હતો. હેમા માલિનીની પણ આ જ શરત હતી, તે ફિલ્મમાં ધર્મેન્દ્રની ઓપોઝિટ કામ કરશે. એવું કહેવાય છે કે મેકર્સે અગાઉ ઝીનતના રોલ માટે એક્ટ્રેસ રીના રોયનો સંપર્ક કર્યો હતો પરંતુ તેણે આ ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. રીના રોયના ઈનકાર પછી, ઝીનતે ડાયરેક્ટર સાથેની મિત્રતાના કારણે આ ફિલ્મ કરી.

# જાહ્નવી કપૂરનો સાડી લુક જોઈ ફેન્સને શ્રીદેવીની યાદ આવી

**અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય રહે છે**



જાહ્નવી કપૂરે બહુ ઓછા સમયમાં બોલિવૂડમાં પોતાની એક ખાસ ઓળખ બનાવી છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય રહે છે. જાહ્નવી કપૂરે બુધવારે એટલે કે ૬ માર્ચે તેના જન્મદિવસ પર ફરી એકવાર તિરુપતિ તિરુમાલા મંદિરની મુલાકાત લીધી હતી. ફરી એકવાર જાહ્નવી મંદિરની બહાર સાઉથ ઈન્ડિયન લુકમાં જોવા મળી છે. આ વખતે માત્ર તેનો કથિત બોયફ્રેન્ડ શિખર પહાડિયા જ નહીં પરંતુ ઓરી પણ તેની સાથે જોવા મળ્યો હતો. તિરુપતિ મંદિર પરિસરનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે, જેમાં શિખર અને ઓરી બંને જાહ્નવી સાથે જોવા મળી રહ્યા છે. જાહ્નવી કપૂર તેના જન્મદિવસ પર લગભગ દર વખતે તિરુમાલા તિરુપતિની મુલાકાત લે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્હાનવી ભગવાન વેંકટેશના દર્શન માટે તિરુપતિ પહોંચી હતી. તેના કથિત બોયફ્રેન્ડ શિખર પહાડિયા અને નજીકના મિત્ર ઓરહાન અવત્રામણિ ઉર્ફે ઓરી ઉપરાંત પિતરાઈ બહેન મહેશ્વરી પણ તેની સાથે હતી. મંદિરના દર્શનના ઘણા વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર જોવા મળી રહી છે. જ્હાન્વી કપૂરે હાલમાં જ તેનો ૨૭મો જન્મદિવસ ઉજવ્યો, લોકોએ તેને સોશિયલ મીડિયા પર ઘણી બધી શુભેચ્છાઓ આપી છે. હવે જાહ્નવીએ તેના જન્મદિવસના અવસર પર મળેલા પ્રેમ માટે આભાર વ્યક્ત કર્યો છે. જાહ્નવી કપૂરે રાણી કલરની ડિઝાઈનર સાડી પહેરી છે, તેના વાળને હળવા મેક-અપ સાથે ખાસ સ્ટાઈલમાં સ્ટાઈલ કર્યા છે જાહ્નવી કપૂરે રાણી કલરની ડિઝાઈનર સાડી પહેરી છે, તેના વાળને હળવા મેક-અપ સાથે ખાસ સ્ટાઈલમાં સ્ટાઈલ કર્યા છે.



# ફરદીન ખાન ૧૨ વર્ષમાં આપી ૧૯ ફ્લોપ ફિલ્મો


આજે અમે તમને તે બોલિવૂડ એક્ટરની કારકિર્દીનો પરિચય કરાવી રહ્યા છીએ. સ્ટાર કિડ હોવા છતાં તે ઈન્ડસ્ટ્રીમાં પોતાની જાતને સ્થાપિત કરી શક્યો નથી. ગ્લેમરની દુનિયામાં પોતાનું નામ બનાવવું એ દરેક વ્યક્તિ માટે સરળ નથી. કારણ કે સફળતા મેળવવા માટે કલાકારોને સખત મહેનતમાંથી પસાર થવું પડે છે. પરંતુ આજે અમે તમને તે અભિનેતાનો પરિચય કરાવી રહ્યા છીએ. જે એક સ્ટાર કિડ હોવા છતાં અને સખત સંઘર્ષ કરવા છતાં બોલિવૂડમાં પોતાની ઓળખ બનાવવામાં નિષ્ફળ રહ્યો છે. આ અભિનેતા બીજું કોઈ નહીં પણ ૭૦-૮૦ના દાયકાના દિગ્ગજ અભિનેતા ફિરોઝ ખાનના પુત્ર ફરદીન ખાન છે. જેણે વર્ષ ૧૯૯૮માં ફિલ્મ 'પ્રેમ અગન'થી પોતાની અભિનય યાત્રા શરૂ કરી હતી. પરંતુ અભિનેતાના નસીબે તેની તરફેણ ન કરી અને તેની પહેલી જ ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. પરંતુ ફરદીન ખાનનો ખરાબ સમય અહીં પૂરો નથી થતો. આ પછી અભિનેતાની ઘણી ફિલ્મો આવી, પરંતુ તે બેક ટુ બેક ફ્લોપ થતી રહી. આ રીતે અભિનેતાએ એક, બે કે ચાર નહીં પરંતુ ૧૫ ફ્લોપ ફિલ્મો આપી.આ પછી અભિનેતાને ફિલ્મ 'હે બેબી'માં કામ કરવાની તક મળી. જે અક્ષય કુમારના કારણે બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. 'હે બેબી' પછી ફરદીન ત્રણ ફિલ્મો 'ડાર્લિંગ', 'જય વીરુ' અને 'લાઈફ પાર્ટનર'માં જોવા મળ્યો હતો.

**અભિમાનના કારણે વિલનનું કરિયર થયું બરબાદ**

# રોહિત રોયને એક્ટિંગ નથી આવડતી

**રોહિત રોયે ટીવીથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી, તેમણે 'સ્વાભિમાન' શોથી એક્ટિંગમાં ડેબ્યુ કર્યું**

ફેમસ એક્ટર રોહિત રોયે ટીવીથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તેમણે 'સ્વાભિમાન' શોથી એક્ટિંગમાં ડેબ્યુ કર્યું હતું, જેને લઈને તેઓ રાતોરાત સ્ટાર બની ગયા હતા. જોકે, તે સમયે રોહિત પોતાનું સ્ટારડમ ન સાંભળી શક્યો, જેને લઈને તેમણે પોતાના પ્રોફેશનલ કરિયરમાં ઘણા ખોટા નિર્ણયો લીધા અને તેમનો ડાઉનફોલ શરુ થઈ ગયો. તેમણે ફિલ્મોમાં પણ કામ કર્યું, પરંતુ તેમાં પણ તેમને અપેક્ષા મુજબ સફળતા ન મળી. તાજેતરમાં રોહિત રોયે આપેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં પોતાના ડાઉનફોલ માટે પોતાના અહંકારને જવાબદાર ઠેરવ્યો હતો. તેમણે સ્વીકાર્યું કે 'સ્વાભિમાન'ની સફળતા તેમના માથે ચડી ગઈ હતી. એક ઈન્ટરવ્યુમાં રોહિત રોયે કહ્યું કે, 'હું ખૂબ જ અહંકારી હતો. હું મુંબઈનો નથી, હું અમદાવાદનો છું, જે એક નાનું શહેર હતું. મેં ત્યાંથી જ મારો અભ્યાસ કર્યો છે. હું સારો વિદ્યાર્થી હતો. હું એક્ટિંગમાં આવ્યો તો સ્વાભિમાન શો ઘણો હિટ થયો હતો. મને રાતોરાત સક્સેસ મળી ગઈ હતી. જો હું મહેનત કરીને ત્યાં પહોંચતો, તો હું ચોક્કસથી તેની રિસ્પેક્ટ કરી શક્યો હોત, પરંતુ મેં એવું કંઈ નહોતું કર્યું. રોહિત રોયે કહ્યું, 'આમ તો શોની સફળતામાં મારી કોઈ ભૂમિકા નહોતી. હું બસ ચાલી ગયો, શો પણ ચાલી ગયો. આ કૈંક એવું છે જે મને સંયોગથી મળી ગયું. હું એક ટ્રેન્ડ એક્ટર નહોતો. તેની સફળતા મારા માથે ચડી ગઈ. મને લાગવા માંડ્યું કે હું જે પણ વસ્તુને સ્પર્શ કરીશ, તે સોનુ બની જશે.




મારામાં ઘમંડ આવી ગયો. જો કોઈ મારા જેટલું ઝડપી નથી વિચારી રહ્યું, તો હું અધીરો થઈ જતો. તે સમયે લોકો મને એક સ્ટાર તરીકે જોઈ રહ્યા હતા અને સ્ટાર માટે આવું વર્તન કરવું યોગ્ય નહોતું માનવામાં આવતું. હું તેને વધુ સારી રીતે સંભાળી શકતો હતો, પરંતુ હું યુવાન અને બોલ્ડ હતો. અભિનેતાએ ખુલાસો કર્યો કે તે સમયે તેના મિત્રો પણ તેની સક્સેસ એન્જોય કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે એકવાર તેની પત્ની માનસી જોશીએ તેની ખૂબ ટીકા કરી હતી અને કહ્યું હતું કે તને કોઈ એક્ટિંગ નથી આવડતી. રોહિત રોયે કહ્યું, 'એકવાર મારી પત્નીએ મને એક્ટિંગ વિશે કહ્યું હતું કે તને એક્ટિંગ કરતા નથી આવડતું, તમે પ્રયત્ન પણ નથી કરી રહ્યા. તમે માત્ર અમિતાભ બચ્ચનની કોપી કરતા રહો છો. મેં કહ્યું કે તને એક્ટિંગ નથી આવડતી. આખો દેશ મારી સક્સેસ સેલિબ્રેટ કરી રહ્યો છે. જો તે દિવસે મેં માનસીની વાત સાંભળી હોત, તો મારી એક્ટિંગ શીખવાની જર્ની થોડી ઝડપી બની હોત. ઉલ્લેખનીય છે કે રોહિત રોયે ૨૦૧૭માં રિલીઝ થયેલી હિતિક રોશનની ફિલ્મ 'કાબિલ'માં વિલનની ભૂમિકા ભજવી હતી. તેણે પોતાના અભિનયથી ફેન્સના દિલ જીતી લીધા હતા.

**તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ**

# સારા તેંડુલકર પાસે શુભમન ગિલનું ડોગી જોવા મળ્યું?

**સારા તેંડુલકર તેના પરિવાર સાથે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શનમાં ભાગ લેવા જામનગર પહોંચી હતી**



સારા તેંડુલકર અને શુભમન ગિલ બંને સતત સમાચારમાં રહે છે. બંનેને લગતા સમાચાર સોશિયલ મીડિયા પર દરરોજ વાયરલ થતા રહે છે. હાલમાં જ બંને રિલેશનશિપમાં હોવાના સમાચાર આવ્યા હતા. આજ સુધી બંનેએ આ મામલે પોતાનું મૌન જાળવી રાખ્યું છે. આ ચર્ચાને વર્લ્ડ કપ ૨૦૨૩ દરમિયાન પણ ઘણી હવા મળી હતી. હવે ફરી એકવાર તેમના સંબંધોની ચર્ચાઓ સામે આવી રહી છે અને આ વખતે લોકોને સારા તેંડુલકરના એક ફોટો પરથી સંકેત મળ્યો છે. તાજેતરમાં સારા તેંડુલકર તેના પરિવાર સાથે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શનમાં ભાગ લેવા જામનગર પહોંચી હતી. ત્રણ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમના છેલ્લા દિવસે એક ફેર થીમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે સારા તેંડુલકરે લાલ લહેંગો પહેર્યો હતો જેની તસવીરો ક્લિક કરીને સારાએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી. આ ફોટામાં તેની સાથે એક પાલતુ કૂતરો જોવા મળ્યો હતો, જેને જોઈને લોકોની શંકા વધી ગઈ હતી. લોકો કહે છે કે આ શુભમન ગિલનો કૂતરો છે. હવે અમે તમને જણાવીએ કે આનું કારણ શું છે અને લોકોને આ વિશે કેવી રીતે ખબર પડી. થોડા સમય પહેલા શુભમન ગીલે પણ એક તસવીર પોસ્ટ કરી હતી. ૧૫ જુલાઈ, ૨૦૨૨ના રોજ પોસ્ટ કરવામાં આવેલ ફોટામાં શુભમન પાસે એક ડોગી બેઠેલુ જોવા મળે છે. આવી સ્થિતિમાં હવે લોકો કહી રહ્યા છે કે સારા તેંડુલકર અને શુભમન ગિલની તસવીરમાં દેખાતો કૂતરો એક જ છે.

હવે, વાસ્તવમાં, આ બંને સાથે જોવામાં આવેલો પાલતુ એક જ છે કે પછી બંને પાસે આ જાતિનો કૂતરો છે કે કેમ તે બંને સારી રીતે કહી શકે છે, પરંતુ સોશિયલ મીડિયા પર, નેટીઝન્સ સતત દાવો કરી રહ્યા છે કે સારા પાસે એજ ડોગી છે જે શુભમન પાસે છે. તમને યાદ અપાવી દઈએ કે શુભમન ગિલ અને સારા તેંડુલકર એક પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. આ બંને અંબાણી પરિવારના Jio Plaza લોન્ચ ઈવેન્ટમાં પહોંચ્યા હતા. બંનેને એકસાથે જોઈને લોકો અનુમાન લગાવવા લાગ્યા કે તેમના સંબંધોની પુષ્ટિ થઈ ગઈ છે. હવે શુભમન અને સારાથી વધુ સારી રીતે કોઈ કહી શકે નહીં કે તેમના સંબંધો કેટલા સાચા છે.

# ડોલી સોહીનું સર્વાઈકલ કેન્સરથી નિધન

નાના પડદાની જાણીતી અભિનેત્રી ડોલી સોહીનું નિધન થયું છે. અભિનેત્રીના ઘરે દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. થોડા કલાકો પહેલા જ સમાચાર આવ્યા હતા કે ડોલીની બહેન અમનદીપ સોહી નથી રહ્યા. તે જ સમયે, તેમના મૃત્યુના થોડા કલાકો પછી વધુ એક ચોંકાવનારા સમાચારે બધાને હચમચાવી દીધા છે. અમનદીપ બાદ હવે ડોલી સોહીનું પણ નિધન થયું છે. ડોલી સોહી સર્વાઈકલ કેન્સરથી પીડિત હતી. રિપોર્ટ અનુસાર, ડોલીના પરિવારે લખ્યું, "અમારી પ્રિય ડોલી આજે વહેલી સવારે તેના સ્વર્ગસ્થ થઈ ગઈ છે. આ નુકસાનથી અમે આઘાતમાં છીએ. આજે બપોરે અંતિમ સંસ્કાર કરવામાં આવશે." અભિનેત્રીના પરિવાર માટે આ સમય ઘણો મુશ્કેલ છે. થોડા કલાકોમાં તેની બંને પુત્રીઓ મૃત્યુ પામી. અમનદીપ પણ તેની બહેન ડોલી જેવી અભિનેત્રી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ડોલીને હાલમાં જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. સારવાર બાદ તેમની તબિયત સુધારા પર હતી. તબિયતના કારણે તેણે પોતાનો શો ઝનક પણ છોડવો પડ્યો હતો. કીમોથેરાપી પછી તે લાંબા સમય સુધી શૂટિંગ કરી શકી ન હતી. ડોલીએ ટીવી ઈન્ડસ્ટ્રીમાં લાંબા સમય સુધી કામ કર્યું. અભિનેત્રીએ NRI અવનીત ધનોઆ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ તેમના સંબંધોમાં ઘણો તણાવ હતો. અભિનેત્રી તેની પુત્રી એમિલી સાથે રહેતી હતી. ડોલીની બહેન અમનદીપ વિશે વાત કરીએ તો એવું માનવામાં આવે છે કે તેને કમળાના કારણે દાખલ કરવામાં આવી હતી. તેની માંદગીમાં ગૂંચવણો વધતી રહી. જેના કારણે તેમને કિડની ફેલ્યોરનો સામનો કરવો પડ્યો હતો. આખરે અમનદીપના શરીરે જવાબ આપ્યો. ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી શોકિંગ સમાચાર આવ્યા અને ઈન્ડસ્ટ્રી આઘાતમાં સરી પડી છે. વાત જાણ એમ છે કે અમનદીપ સોહી અને ડોલી સોહીનું નિધન થયું હતું. અમનદીપના નિધનના થોડાક કલાકોમાં જ ડોલી સોહીનું પણ નિધન થયું હતું. કમળાને કારણે અમનદીપનું ગુરુવારે રાતે નિધન થઈ ગયું હતું. જ્યારે ડોલી પણ સર્વાઈકલ કેન્સરથી પીડાઈ રહી હતી. ડોલીના નિધન બાદ હવે તેની અંતિમ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.



**પરિવાર માટે આ સમય ઘણો મુશ્કેલ છે, થોડા કલાકોમાં તેની બંને પુત્રીઓ મૃત્યુ પામી**

ડોલીના ભાઈ મન્નુએ જણાવ્યું હતું કે છ મહિના પહેલાં જ ડોલીને સર્વાઈકલ કેન્સર હોવાની જાણ થઈ હતી અને ત્યારથી જ એની સારવાર ચાલી રહી હતી. પણ જેવી બંને બહેનોના મૃત્યુના સમાચાર આવ્યા ત્યારથી ડોલીની લાસ્ટ સોશિયલ મીડિયા પોસ્ટ વાઈરલ થઈ રહી છે. આ પોસ્ટમાં ઝનક સ્ટારે બધાને પ્રાર્થના કરવાની વિનંતી કરી હતી. ડોલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ૨૦ ફેબ્રુઆરીના છેલ્લી પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં એક્ટ્રેસે જણાવ્યું હતું કે પ્રાર્થનાપ દુનિયાનું સૌથી મોટું વાયરલેસ કનેક્શનપ ચમત્કારની જેમ કામ કરે છે એટલે પ્લીઝ મને તમારા બધાની પ્રાર્થનાની જરૂર છે. બીજી બાજું અમનદીપની છેલ્લી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ ૨૨મી ફેબ્રુઆરીની હતી અને એમાં તેને હોસ્પિટલમાં દાખલ કરી હોવાનું જણાવ્યું હતું. તેણે પોતાનો એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં તે ખૂબ જ વીક અને બીમાર દેખાઈ રહી હતી. એટલું જ નહીં તેની આઈપી ડ્રીપનો એક વીડિયો પણ શેર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડોલી અને અમનદીપ બંને મુંબઈની જ એક હોસ્પિટલમાં દાખલ હતી જ્યાં અમનદીપની કમળાની અને ડોલી પોતાની કેમો થેરેપી લઈ રહી હતી.

**ગોવિંદાને ચાન્સ મળ્યો**

**ઘણા એવા સ્ટાર્સ છે જે એકબીજા સાથે કામ કરવા નથી માંગતા**

# ફિલ્મ ઈલઝામ માટે મિથુનનો સંપર્ક કરવામાં આવ્યો હતો, ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી

જીકે બચ્ચે...તેરે જૈસે ચોર ઉચતક્કો કે પૈર તોડકર, મૈ હાથમેં દે દીયા કરતાં હૂં', શત્રુઘ્ન સિન્હાનો આ ડાયલોગ તમને યાદ છે? વર્ષ ૧૯૮૬માં એક ફિલ્મ રિલીઝ થઈ, જેમાં ભરપૂર ડ્રામા જોવા મળ્યો. ફિલ્મે લોકોને ખૂબ હસાવ્યા અને ક્યાંક આંખો ભીની પણ કરી. ફિલ્મ મલ્ટીસ્ટારર હતી. ફિલ્મમાં શત્રુઘ્ન સિન્હા, શશિ કપૂર, ગોવિંદા, નીલમ કોઠારી સાથે અનીતા રાજ જોવા મળી હતી. ફિલ્મ રિલધી થઈ અને આ ફિલ્મ રિલીઝ થતાંની સાથે જ ગોવિંદાની કિસ્મત ચમકી ગઈ. આ ફિલ્મ માટે પ્રોડ્યુસર પહલાજ નિહલાની ૯૦ના દશકની ટોપ એક્ટ્રેસને કાસ્ટ કરવા માગતા હતાં. પરંતુ તેણે ફિલ્મ કરવાથી સ્પષ્ટ ઈનકાર કરી દીધો. નિરાશ થઈને મેકર્સે નવી હિરોઈનની શોધ કરી. બોલિવૂડમાં ઘણા એવા સ્ટાર્સ છે જે એકબીજા સાથે કામ કરવા નથી માંગતા. કેટલાકે સાથે કામ કર્યું અને આ જોડી હિટ બની. અમે જે ફિલ્મની વાત કરી રહ્યા છીએ તે ૧૯૮૬માં રિલીઝ થઈ હતી. શત્રુઘ્ન સિંહા-શશિ કપૂર જેવા મોટા સ્ટાર્સ તે ફિલ્મનો ભાગ હતા. પરંતુ ત્યારબાદ એક્ટ્રેસે ફિલ્મમાં ગોવિંદા હોવાનું કહીને ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. અમે જે ફિલ્મ વિશે વાત કરી રહ્યા છીએ તે વર્ષ ૧૯૮૬માં રિલીઝ થયેલી 'ઈલઝામ' છે. ફિલ્મમાં ગોવિંદાએ 'અજય કુમાર'નો રોલ કર્યો હતો, પરંતુ મેકર્સે આ રોલ માટે પહેલા મિથુન ચક્રવર્તીનો સંપર્ક કર્યો હતો, પરંતુ તેણે ફિલ્મ કરવાની ના પાડી દીધી હતી. તેની પાછળનું કારણ હતું કે તેમની પાસે ડેટ્સ ન હતી. જો કે, પછી મેકર્સે ગોવિંદા પર દાંવ લગાવ્યો. ખરેખર, ગોવિંદા હીરો બનવા માંગતો હતો. ઘણી ફિલ્મો માટે ઓડિશન પણ આપ્યાં, પરંતુ કંઈ મેળ પડ્યો નહીં. ત્યારબાદ જ્યારે તેને ફિલ્મ 'ઈલ્ઝામ' વિશે ખબર પડી તો તેણે ફિલ્મના કોરિયોગ્રાફર માટે મેકર્સનો સંપર્ક કર્યો. જ્યારે મેં મેકર્સે પોતાનો ડાન્સ બતાવ્યો તો તેઓ ખૂબ જ પ્રભાવિત થયા. મિથુનના



ઈનકાર પછી, તે તેની ફિલ્મ માટે હીરોની શોધ કરી રહ્યાં હતાં અને તેને ગોવિંદામાં તે બધા ગુણો જોવા મળ્યા અને પહલાજ નિહલાનીએ ગોવિંદાને ફિલ્મમાં હીરો તરીકે લીધો. આ ફિલ્મમાં બે એક્ટ્રેસીસ જોવા મળી હતી. નીલમ કોઠારી અને અનિતા રાજ, પરંતુ મેકર્સ ધક ધક ગર્લ એટલે કે માધુરી દીક્ષિતને ગોવિંદા સાથે જોડી બનાવવા માંગતા હતા. મેકર્સે નીલમ કોઠારીના રોલ માટે માધુરીને કાસ્ટ કરવા માંગતા હતા. એક્ટ્રેસને ફિલ્મની સ્ટોરી સંભળાવી અને ફિલ્મના કલાકારો વિશે જણાવ્યું, પરંતુ ગોવિંદાનું નામ સાંભળતા જ પહલાજે નિહલાનીને કહ્યું- 'ગોવિંદા ફિલ્મમાં છે, અરે, હું આ ફિલ્મ નહીં કરું. ' ખરેખર, માધુરી ત્યાં સુધીમાં કેટલીક ફિલ્મો કરી ચૂકી છે, કેટલીક હિટ ફિલ્મો આપ્યા બાદ તે મેકર્સની પહેલી પસંદ બની ગઈ હતી. આ ફિલ્મને પહલાજ નિહલાનીએ પ્રોડ્યુસ કરી હતી. ફિલ્મ રિલીઝ થઈ અને ગોવિંદાનું નસીબ ચમકી ગયું. મેકર્સે આ ફિલ્મ લગભગ ૧ કરોડ ૪૦ લાખ રૂપિયાના બજેટમાં બનાવી છે. જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે તેનું બોક્સ ઓફિસ પર શાનદાર કલેક્શન હતું.

### રાજ્ય કક્ષાએ ભૂલકા મેળા-૨૦૨૪ અંતર્ગત

# દાહોદ જિલ્લાની સર્વ શ્રેષ્ઠ TLM કૃતિ દ્વિતીય નંબર સાથે વિજેતા થઈ



। (માહિતી) દાહોદ, તા.૮ ।

દાહોદ ખાતે તા. ૦૨-૦૩-૨૦૨૪ રોજ જિલ્લા કક્ષાનો મેળો મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ‘‘પા પા પગલી ‘‘ પ્રોજેક્ટ અંતર્ગત ‘‘ભૂલકા મેળા’’નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ મેળાની થીમ ‘‘શિક્ષણની વાત વાલીઓ સાથે સંવાદોત્સવ’’ હેઠળ દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ સાહેબના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વાલીઓને પોષણ સાથે શિક્ષણ અંગેની જરૂરી માહિતી આપી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરા ચૌહાણ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. જે માટે વિષય નિષ્ણાંત ખાસ તજજ્ઞને પણ આમન્ત્રિત કરવામાં આવ્યા હતા.

તદુપરાંત આંગણવાડીના અભ્યાસ ક્રમની થીમ આધારિત ટીચિંગ લર્નિંગ મટેરિયરલ TLM નું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું જેમાં ૬૫ થી વધુ ટી.એલ.એમ મુકવામાં આવ્યા હતા. આ ટી. એલ. એમ બાળકોના માનસિક, શારીરિક, બૌધિક, ભાષાકિય, સામાજિક, ભાવનાત્મક, સર્જનામક્ત, વિકાસને ધ્યાનમાં રાખીને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે મુજબ બનાવવામાં આવ્યા હતા. જે ઘરમાંથી સરળતાથી ઉપલબ્ધ હોય તેવી લો કોસ્ટ સાધન સામગ્રીમાંથી બનાવવામાં આવ્યા હતા. તેનો ઉપયોગ અને ફાયદા વિશે વાલીઓને વિસ્તૃતમાં સમજ આપવામાં આવી હતી. આ અંગે વધુ પ્રકાશ પાડતા પ્રોગ્રામ ઓફિસરે મહિલા અને બાળ વિકાસ વિભાગ દાહોદના જણાવ્યા મુજબ વાલીઓ ભૂલકા મેળામાં જોડાયા તેનું મુખ્ય કારણ એ છે કે, જો ઘરમાં શૈક્ષણીક વાતાવરણ હશે તો બાળકો આંગણવાડીમા આવવા પ્રેરાશે અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની રમત સાથે ગમ્મતની પ્રવૃતિઓ હાથ ધરવાથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. જે ૩ થી ૫ વર્ષના બાળકો માટે ઘણી જરૂરી છે.

તદુપરાંત કાર્યકર્મ અંર્તગત દાહોદ જિલ્લા પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના તમામ ઘટકના પી.એસ.ઈ. સ્ટાફ, મુખ્ય સેવિકા બહેનો તેમજ વર્કર બહેનો દ્વારા ભૂલકા મેળામાં ટી. એલ.એમ.કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

આ ટી. એલ. એમ. માં સૌથી ઉત્કૃષ્ટ ટી. એલ. એમ. કૃતિને સારી કામગીરી પ્રથમ નંબર આવવા બદલ સન્માનિત કરવામાં આવેલ હતી. ત્યાર બાદ આ ટી. એલ.એમ કૃતિને ઝોન કક્ષાએ હરીફાઈ માટે નામ નોમિનેટ કરતાં તા. ૦૪-૦૩-૨૦૨૪ ના રોજ ઝોન કક્ષાએ ભૂલકા મેળાનુ આયોજન કરવામાં આવતાં ત્યાં દાહોદ ટી. એલ.એમ. કૃતિનો પ્રથમ નંબર આપવામાં આવેલ, તેઓને ઝોન કક્ષાના ભૂલકા મેળામાં ભાગ લીધો હતો.

### આણંદ ખાતે મહિલા દિનની ઉજવણી કરાઈ

# વિવિધ રમત ક્ષેત્રે નામના મેળવનાર દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું



। (માહિતી) આણંદ, તા.૮ ।

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ઉપક્રમે પ્રમુખસ્વામી અર્બન કોમ્યુનિટી હોલ, સાંગોળપુરા, આણંદ ખાતેના કાર્યક્રમમાં કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીએ દીકરીઓને ભણાવવા પર ખાસ ભાર મૂકીને દીકરી ભણી ગણીને આગળ વધશે તો ગામ અને સમાજનું નામ રોશન કરશે તેમ જણાવી પોતાના પરીવારનું દ્રષ્ટાંત આપી મારી બન્ને બહેનોને મારા પિતાએ શિક્ષણ આપ્યું હોઈ હાલમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ નિભાવી રહી છે તેમ જણાવી શિક્ષણનું મહત્વ શું છે અને દીકરીઓને કેમ શિક્ષણ આપવું જોઈએ તે વિશે સૌને માહિતગાર કરી દિકરીઓને શિક્ષિત બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કલેક્ટરશ્રીએ ઉપસ્થિત સૌ દીકરીઓ અને મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિનની શુભેચ્છા પાઠવી હતી તથા વિવિધ રમતોમાં નામના મેળવનાર વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, મહિલા અને બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિના ચેરમેન શ્રી માનસીબેન મહિડા, નિવેદિતા ફાઉન્ડેશનના ચેરપર્સન શ્રી નીપાબેન પટેલ, જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ શ્રી આશાબેન દલાલના હસ્તે ખેલ મહાકુંભમાં વિજેતા બનેલ લાભાર્થીઓ, કલા મહાકુંભના વિવિધ ક્ષેત્રમાં વિજેતા થયેલા રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહાનુભાવોના હસ્તે વહાલી દિકરી યોજના ના મંજૂરી હુકમનો પણ વિતરણ કરવામાં આવ્યું હતુ જ્યારે બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત જેમને ત્યાં દીકરીનો જન્મ થયો છે તેવી દીકરીઓની માતાઓને દીકરી વધામણા કીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત બેઝ બોલ, સોફ્ટ બોલ, આર્ચરી, જુડો, અંડર ૧૯ ની દીકરીઓને ટ્રેકસૂટનું વિતરણ પણ આ તબક્કે કરવામાં આવ્યું હતું.તેજસ્વિની બાલિકા પંચાયતની રચના કરવામાં આવી હતી તથા બાલિકા સરપંચ સહિત દીકરીઓને સન્માનવામાં આવી હતી.

કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીએ આ તબક્કે વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી. આ પ્રસંગે મહિલા અને બાળ અધિકારી કચેરીના કર્મીઓ સહિત મોટી સંખ્યામાં દિકરીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નહેરુ યુવા કેન્દ્ર દાહોદ દ્વારા કારઠ મુકામે બ્લોક લેવલ સપોર્ટ પ્રોગ્રામનુ આયોજન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૮ ।

આજ રોજ તારીખ ૦૭/૦૯/૨૦૨૪ નેહરુ યુવા કેન્દ્ર , દાહોદ દ્વારા ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા, કારઠ ખાતે બ્લોક લેવલ સ્પોર્ટ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું.જેમાં લીંબુચમચી, સંગીત ખુરશી,લંગડી દોડ કબાડી,જેવી વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું, તેમાં વિદ્યાર્થી મિત્રોએ રમત ગમતમાં ભાગ લીધો અને વિજેતા વિદ્યાર્થીઓને નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ઈનામ, પ્રમાણપત્ર આપવામા આવ્યાં સાથે શાળાના આચાર્ય રણજિત મુનીયાઆએ વિદ્યાર્થીઓને રમત ગમતનું મહત્વ જીવનમાં ખુબ જ રહેલું છે તે વિશેષ ઉત્બોધન આપ્યું,ભુરીયાભાઈ દ્વારા વિદ્યાર્થીને શાળા થી ઓલમ્પિક સુધીની સફર કરવા માર્ગદર્શન આપ્યું,સાથે ઉપસ્થિત પરેશ ઝાડ રમત થી સ્વસ્થ શરીર,સ્વસ્થ શરીર તો ઉત્તમ શૈક્ષણિક સિદ્ધિ તેમણે જણાવ્યું હતું. નેહરુ યુવા કેન્દ્રના હિમાંશુ કુમાર લબાના સાથે શાળાના શિક્ષકો, બારીયાભાઈ, અજયભાઈ, હરિચંદ્રભાઈ, પ્રિતેશભાઈ પાયલબેન, દિપાલીબેન હાજર રહીને સાથ અને સહકાર થી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરાયેલ ‘વિકાસ વાટિકા’ પુસ્તિકાનું કર્યું વિમોચન



। (માહિતી) ભરૂચ, તા.૮ ।

ભરૂચ ખાતે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલા વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહુર્ત તેમજ ભૂમિપૂજન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે જિલ્લા માહિતી કચેરી-ભરૂચ દ્વારા તૈયાર કરાયેલી ‘વિકાસ વાટિકા’ પુસ્તિકાનું વિમોચન પણ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, આ ‘વિકાસ વાટિકા’ પુસ્તિકામાં વર્ષ ૨૦૨૨-૨૩માં જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા વિવિધ વિકાસ કાર્યોને આલેખવામાં આવ્યા છે. આ ઉપરાંત, ભરૂચ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરીનું વિવરણ, જિલ્લાનો સંક્ષિપ્ત ઈતિહાસ, પ્રવાસન સ્થળો, લોકમેળાઓ, સાંસ્કૃતિક વનો, જિલ્લામાં થયેલા વિવિધ લોકાર્પણ/ખાતમુહૂર્ત, વિકાસ કાર્યોનું આગોતરૂ આયોજન સહિતની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકા ભરૂચ જિલ્લાના વિવિધ ક્ષેત્રના અભ્યાસુઓ માટે ખૂબ જ ઉપયોગી પ્રકાશન બની રહેશે.

### પ્રખ્યાત સંતવાણી કલાકાર હરી ભરવાડ અને તેના ગ્રુપ દ્વારા લોકડાયરો યોજાયો

# ઝાલોદ તાલુકાના માંડલેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રીનો મેળો જામ્યો : નગરના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા

### માંડલેશ્વર મુકામે આસરે ૩૦૦૦૦ થી વધુ લોકોએ પંચમુખી મહાદેવના દર્શન પૂજા કરી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરમા શિવરાત્રી નિમિતે મોટા પ્રમાણમાં ભગવાન ભોળાનાથના ભક્તો સવારથી જ ભોળાનાથને મનાવવા મંદિરે ઉમટી પડ્યા હતા. ભગવાન ભોળાનાથની પૂજા અર્ચના કરવા મંદિરોમાં મોટી લાઈન લાગી હતી. ભગવાન ભોળાનાથના દર્શન કરી દરેક ભક્તો પોતાને ધન્ય સમઝી રહેલ હતા.દરેક મંદિરોના શિવાલયો હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદ થી ગુંજી ઉઠયા હતા તેમજ દરેક મંદિરોમા ભોળાનાથના દર્શન અને શણગાર આંખોમાં સમાઈ જાય તેવા નયનરમ્ય હતા.

ઝાલોદ તાલુકાનુ માંડલેશ્વર મહાદેવનું મંદિર ખૂબ જ ટૂંકા ગાળામાં લોકોની આસ્થાનુ સ્થાન બન્યું હતું. માંડલેશ્વર મહાદેવ મંદિરે પ્રતિ વર્ષ મેળો લાગતો હોય છે. આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય મેળો યોજાયો હતો. આ મેળામાં લોકોને મનોરંજન માટે વિવિધ જાતના ઝૂલા લાગેલ હતા સાથે સાથે મોટા પ્રમાણમાં મેળાના લીધે વ્યાપારીઓ વ્યાપાર કરવા માટે વિવિધ સ્ટોલો લગાવેલ હતા.

માંડલેશ્વર મુકામે પંચમુખી મહાદેવના દર્શન કરવા લાંબી લાઈન લાગેલ હતી તેમજ માંડલેશ્વર મુકામે દર્શન કર્યા બાદ આવેલ સહેલાણીઓ કુદરતી નજરાનો આનંદ લઈ સેલ્ફી તેમજ ફોટો પડાવવામા લાગેલ હતા. પંચમુખી માંડલેશ્વર મહાદેવ મંદિરની ચારે બાજુ વિવિધ મંદિરો પણ આવેલ હતા. મેળાના લીધે મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ જોવા મળેલ હતો. મળેલ આંકડાકીય માહિતી મુજબ શિવરાત્રી નિમિત્તે અંદાજીત ૩૦૦૦૦ થી વધુ લોકોએ માંડલેશ્વર મહાદેવ મંદિરના મહોત્સવમા આવેલ હતા. સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતના પ્રખ્યાત સંતવાણી કલાકાર એવા હરી ભરવાડ દ્વારા લોકડાયરા દ્વારા સત્સંગના રૂપે ભજનની રમઝટે લોકોના દિલ જીતી લીધા હતા. સવારથી માંડલેશ્વર મુકામે દર્શન કરવા આવનાર ભક્તિનો ઘોડાપુર મોડી રાત્રી સુધી જોવા મળેલ હતો.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વિકાસના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ અંગેની

# ૧૦ માર્ચના રોજ થનાર દાહોદ જિલ્લાની મુલાકાતને ધ્યાને લઈને સેવા સદન ખાતે બેઠક યોજાઈ હતી



। (માહિતી) દાહોદ, તા.૮ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતી તા.૧૦ માર્ચના રોજ દાહોદના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દાહોદ પ્રવાસ દરમિયાન દાહોદ જિલ્લાને અંદાજીત રૂ. ૩૦૦ કરોડથી વધુના અનેક વિકાસકાર્યોની ભેટ મળશે.

દાહોદ જિલ્લાની મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિકાસના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ સહિત ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દાહોદ જિલ્લાની મુલાકાત દરમ્યાન આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક સીંગવડ તાલુકા ખાતે એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલનું તેમના વરદ હસ્તે નવનિર્મિત અદ્યતન શાળાનું લોકાર્પણ કરશે, મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ ૭૪ જેટલાં નવીન પંચાયત ઘર, સીંગવડ ખાતે કોમ્યુનિટી હોલ દાસાનું લોકાર્પણ તેમજ દાહોદ સ્માર્ટ સીટી હેઠળ સોલિડ વેસ્ટ મેનજમેન્ટ ઈન્ફ્રા.નું લોકાર્પણ કરીને જનસમુદાયને સમર્પિત કરશે.

ઉપરાંત દાહોદ શહેરના વિવિધ વિસ્તારમાં તેમજ વિવિધ તાલુકાઓમાં પંચાયત માર્ગ અને મકાન વિભાગ હેઠળ રિસર ફેસીંગ હેઠળ રોડ વ્યવસ્થા, શહેરની બલ્ક પાણી પુરવઠા સુધારણા યોજના, ડમ્પિંગ સાઈટમાં લેગાસી વેસ્ટના નિકાલ, મોડલ ફાયર સ્ટેશન, જેવી અન્ય વિવિધ વિકાસના અનેક પ્રકલ્પોનું ભુમિપુજન કરી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દાહોદ જિલ્લાને રૂ. ૩૦૦ કરોડથી વધારેના વિકાસકાર્યોની ભેટ આપશે. મુખ્યમંત્રીશ્રીના દાહોદ પ્રવાસ દરમિયાન ઉચ્ચ અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેશે એમ આજની વિશેષ બેઠક દરમ્યાન કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ જણાવ્યું હતું .

# છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાના અધ્યક્ષપદે દિશા મોનિટરીંગ સમિટિની બેઠક યોજાઈ

। (માહિતી) છોટાઉદેપુર, તા.૮ ।

છોટા ઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાએ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે દિશા મોનિટરીંગ સમિતિને અધ્યક્ષસ્થાનેથી સંબોધતા છોટાઉદેપુર જિલ્લાના સર્વાંગી વિકાસ, લોકકલ્યાણના કાર્યો, લોકોના પ્રશ્નોનું નિવારણ કરવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓ, પ્રતિનિધિઓને માર્ગદર્શિત કરી રચનાત્મક સૂચનો કર્યા હતા. સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાએ જણાવ્યું કે, સરકારના પ્રયાસો પરિણામલક્ષી છે, વહિવટી તંત્રની જવાબદારી છેવાડાના માનવીને વધુમાં વધુ બહેતર સુવિધાઓ આપવાની છે. શ્રીમતી રાઠવાએ બેઠ-કમાં વહિવટી તંત્રના તમામ વિભાગો દ્વારા જનહિતમાં કરવામાં આવેલી કામગીરીની ઝીણવટપૂર્ણ સમીક્ષા કરીને અમલીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ સાથે માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું. વધુમાં તેઓએ જિલ્લામાં સારી કામગીરી કરનાર વિભાગોની સરાહના કરીને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસદ શ્રીમતી રાઠવાએ બાળકોનું પોષણ સ્તર જળવાય તે માટે આઈ. સી. ડી. એસ. વિભાગની દૂધ સંજીવની યોજનાનો લાભ બાળકોને નિયમિત મળે તેમજ આંગણવાડીના મકાન બાંધકામ પર ચર્ચા કરી હતી. દિશા સમિતિના ઉપાધ્યક્ષશ્રી નારણભાઈ રાઠવાએ નલ સે જલ યોજનાનો લાભ છેવાડાના અંતિમ માનવી સુધી પહોંચાડવાનું અધિકારીઓને સુચન કરીને તમામ હેડપંપની સર્વિસિંગ કરવા સહિત લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે સક્રીય કામગીરી કરવા માટે તંત્રને જણાવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિમાં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો. તમે આસાનીથી સમસ્યાઓ ઉકેલી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે તથા તમારે તેમની સાથે સાંજ માટે કોઈક યોજના ઘડજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપ શે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. તમે તમારા મનપસંદ કાર્ય ને ફ્રી ટાઈમ માં કરવા નું પસંદ કરો છો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

### ન્યૂઝ બ્રિફ

## યુનો સુરક્ષા પરિષદના સભ્યોની સંખ્યા ૨૫-૨૬ કરવા ભલામણ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં જી૪ દેશો તરફથી સુધારાનો વિગતવાર પ્રસ્તાવ રજૂ કર્યો છે. ભારતે એવા ઘણા સુધારાની ભલામણ કરી છે, જે લાગુ કરવામાં આવશે તો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ વધુ લોકતાંત્રિક અને સમાવેશી બની શકશે. ભારત તરફથી સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે ’ઈન્ટરગવર્નમેન્ટલ નેગોસિએશન ઓન સિક્યોરિટી કાઉન્સિલ રિફોર્મ’ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રુચિરા કંબોજે જી૪ દેશો બ્રાઝિલ, જર્મની, જાપાન અને ભારત તરફથી પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં સુરક્ષા પરિષદના સભ્યોની સંખ્યા વર્તમાન ૧૫થી વધારીને ૨૫-૨૬ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત છ કાયમી સભ્યો અને ચાર-પાંચ હંગામી સભ્યોનો સમાવેશ કરવાનું સૂચન કર્યું છે. સાથે ભારતે ’છ નવા સ્થાયી સભ્યોમાંથી બે આફ્રિકન રાજ્યો અને એશિયા પેસિફિકના દેશો દ્વારા, એક લેટિન અમેરિકન દેશો અને કેરેબિયન દેશો દ્વારા અને એક પશ્ચિમ યુરોપિયન દેશો અને અન્ય દેશો દ્વારા પ્રસ્તાવિત થવા જોઈએ’ તેવું કહ્યું છે. આ સિવાય રુચિરા કંબોજે એમ પણ કહ્યું છે કે સુરક્ષા પરિષદની વર્તમાન વ્યવસ્થામાં કાયમી અને અસ્થાયી એમ બંને વર્ગોમાં પ્રતિનિધિત્વનો અભાવ છે. આ કારણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલું અસરકારક નથી અને વૈશ્વિક સ્થિરતા અને શાંતિ માટે આમાં તાત્કાલિક સુધારાની જરૂર છે. કંબોજે વધુમાં જણાવ્યું હતું કે પ્રતિનિધિત્વના અભાવને અવગણીને કોઈ સુધારો શક્ય નથી અને ખાસ કરીને સ્થાયી કેટેગરીમાં ભારે અસંતુલન છે અને તેના કારણે સુરક્ષા પરિષદ આંતરરાષ્ટ્રીય પડકારોનો સામનો કરવામાં અસમર્થ સાબિત થઈ રહી છે.




કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝનું ઉદ્ઘાટન કર્યું હતું.

## સુધા મૂર્તિને રાષ્ટ્રપતિ મુર્મુએ રાજ્યસભા માટે નોમિનેટ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

જાણીતા ઉદ્યોગપતિ નારાયણ મૂર્તિના પત્ની અને વિખ્યાત લેખિકા સુધા મૂર્તિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ દ્વારા રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’એક્સ’ પર પોસ્ટ કરીને આ અંગેની માહિતી આપી છે. વડાપધાન મોદીએ લખ્યું કે,’મને ખુશી છે કે ભારતના રાષ્ટ્રપતિએ સુધા મૂર્તિને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા છે. સામાજિક કાર્ય, પરોપકાર અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સુધાજીનું યોગદાન અજોડ અને પ્રેરણાદાયી રહ્યું છે.’ સુધા મૂર્તિ ઈન્ફોસિસ ફાઉન્ડેશનના સંસ્થાપક નારાયણ મૂર્તિના પત્ની છે. સુધા મૂર્તિની પુત્રી અક્ષતા મૂર્તિ યુકેના વડાપ્રધાન ઋષિ સુનકના પત્ની છે. સુધા મૂર્તિને ૭૪માં ગણતંત્ર દિવસ પર પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. ૭૩ વર્ષીય સુધા મૂર્તિ એન્જિનિયર અને લેખક છે. તેમનો જન્મ ૧૯મી ઓગસ્ટ ૧૯૫૦ના રોજ કર્ણાટકના શિગાંવમાં થયો હતો. તેમણે બીવીબી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, હુબલીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા. એન્જિનિયરિંગ કોલેજમાં ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી પ્રવેશ મેળવનારા સુધા મૂર્તિ પહેલા મહિલા હતા.

### રાજસ્થાનના કોટાની ગંભીર ઘટના

## શિવયાત્રા વીજ વાયરના સંપર્કમાં આવતા ૧૫ બાળકોને કરંટ લાગ્યો

। (એજન્સી) કોટા, તા.૮ ।

રાજસ્થાનના કોટામાં આજે મહાશિવરાત્રી નિમિત્તે બાળકોને લઈને શિવયાત્રા કાઢવામાં આવી હતી જેમાં વીજ વાયર સાથે સંપર્કમાં આવવાથી લગભગ ૧૫ બાળકોને વીજ કરંટ લાગ્યો છે.

આ બાળકો દાઝી ગયા છે અને તેમાંથી ૩ની હાલત ગંભીર હોવાનું માનવામાં આવે છે. કેટલાક અહેવાલ પ્રમાણે મોટી સંખ્યામાં બાળકોને વીજ કરંટ લાગ્યો છે. પરંતુ આ બાબતની હજુ સુધી પુષ્ટિ થઈ શકી નથી. બીજા અમુક અહેવાલો મુજબ આ બાળકો આ શિવયાત્રામાં ધજા લઈને જતા હતા જેનો સળિયો વીજ વાયરને સ્પર્શ થઈ જતા કરંટ લાગ્યો હોવાનું જાણવા મળે છે. સમાચાર એજન્સીઓના રિપોર્ટ અનુસાર શિવરાત્રી નિમિત્તે એક ધાર્મિક સરઘસ કાઢવામાં આવ્યું હતું જેમાં બાળકો અને બીજા લોકો સામેલ હતા. આ દરમિયાન ખુલ્લા વીજ વાયર સાથે બાળકો સંપર્કમાં આવ્યા હતા જેના કારણે વીજ કરંટ લાગ્યો હતો.

મોટી સંખ્યામાં બાળકોને વીજ કરંટ લાગ્યો હોવાની પ્રાથમિક માહિતી મળી છે. તમામ બાળકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. સ્થાનિક ટીવી ચેનલના અહેવાલ પ્રમાણે બાળકોને વીજ કરંટ લાગવાના કારણે કેટલાક બાળકો દાજી ગયા છે. તેમને ઈમરજન્સીમાં સારવાર અપાઈ રહી છે અને ત્રણ બાળકોની હાલત ગંભીર છે. બાળકોને જે ધજા આપવામાં આવી હતી તે ધાતુની હતી જેના કારણે તેમને ડાયરેક્ટ કરંટ લાગ્યો છે.

આ ઘટના બન્યા પછી ઉચ્ચ વહીવટીતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો અને ટોચના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. આ ઉપરાંત સ્થાનિક રાજકારણીઓ પણ દોડી આવ્યા છે. એક અહેવાલ પ્રમાણે લોકસભાના સ્પીકર ઓમ બિરલા પણ તે વિસ્તારમાં હોવાના કારણે તેઓ પણ હોસ્પિટલે પહોંચ્યા છે અને બાળકોની સ્થિતિ વિશે જાણકારી મેળવી છે.

### સુપ્રીમ કોર્ટે રદ કરી ફરિયાદ

## તમામ નાગરિકને સરકારના નિર્ણયની ટીકા કરવાનો અધિકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દેશના દરેક નાગરિકને સરકારના નિર્ણયોની ટીકા કરવાનો અધિકાર છે. કલમ ૩૭૦ નાબૂદ કરવાની ટીકા કરતી વ્હોટ્સએપ પોસ્ટના સંબંધમાં પ્રોફેસર વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાનો આદેશ આપતા સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી.

પ્રોફેસર જાવેદ અહેમદ હઝમ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩છ (સાંપ્રદાયિક દ્વેષને પ્રોત્સાહન આપવી) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને તેમને બોમ્બે હાઈકોર્ટમાંથી આ સંબંધમાં રાહત મળી ન હતી.



પ્રોફેસર જાવેદે વોટ્સએપ પર પોસ્ટ કરી હતી. ૫મી ઓગસ્ટ – જમ્મુ અને કાશ્મીર માટે કાળો દિવસ અને ૧૪મી ઓગસ્ટ – પાકિસ્તાનને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા. આ બંને પોસ્ટને વાંધાજનક ગણીને તેમની સામે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં કેસ નોંધવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દરેક નાગરિકને તેમના સ્વતંત્રતા દિવસ પર કોઈપણ અન્ય દેશને અભિનંદન આપવાનો અધિકાર છે. જો ભારતનો નાગરિક ૧૪મી ઓગસ્ટે પાકિસ્તાનના નાગરિકોને તેમના સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવે તો તેમાં કંઈ ખોટું નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાંની ખંડપીઠે કહ્યું હતું કે, ભારતનું બંધારણ કલમ ૧૯(૧)(એ) હેઠળ તેના નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ગેરન્ટી આપે છે. આ ગેરંટી હેઠળ દરેક નાગરિકને અધિકાર છે કે તે કલમ ૩૭૦ને ખત્મ કરવાના અથવા રાજ્યના તમામ નિર્ણયની ટીકા કરે. તેમને એ કહેવાનો પણ અધિકાર છે કે તેઓ રાજ્યના નિર્ણયથી ખુશ નથી. દરેક નાગરિકને જમ્મુ-કાશ્મીરની સ્થિતિમાં ફેરફારની ટીકા કરવાનો પણ અધિકાર છે.

### રિહાનાની નેટવર્થ ૧.૪ અબજ ડોલર હોવાનું કહેવાય છે

## ખાસ કનેક્શનના લીધે રિહાનાએ અંબાણી પરિવાર માટે પર્ફોર્મ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતના ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના દીકરા અનંતના લગ્ન જુલાઈ મહિનામાં બિઝનેસમેન વિરેન મર્ચન્ટની દીકરી રાધિકા સાથે થવાના છે. જે પહેલા ૧થી૩ માર્ચ સુધી જામનગરમાં ભવ્ય પ્રી-વેડિંગ ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અંબાણી પરિવારના પ્રી-વેડિંગ ફંક્શનની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. પ્રી-વેડિંગ ફંક્શનમાં બિલ ગેટ્સથી લઈને ઈવાંકા ટ્રમ્પ સુધીની વિદેશની જાણીતી હસ્તીઓ સામેલ થઈ હતી. સાથે જ ભારતના પણ સ્પોર્ટ્સ, મનોરંજન, બિઝનેસ, રાજકારણ ક્ષેત્રના મોટા માથાં હાજર રહ્યા હતા. પોપસ્ટાર રિહાનાએ પહેલી વખત ભારતમાં પર્ફોર્મ કર્યું અને તે પણ અનંત-રાધિકાના પ્રી-વેડિંગ ફંક્શનમાં. મીડિયા રિપોર્ટ પ્રમાણે, રિહાનાએ કોન્સર્ટ માટે કરોડો રૂપિયા ફી લીધી હતી. જોકે, ફક્ત રૂપિયા જ નહીં બીજું કારણ પણ છે જેના લીધે રિહાના પર્ફોમ કરવા માટે ભારત આવી. મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે રિહાનાનું ખાસ બિઝનેસ કનેક્શન છે. અબજોપતિ સિંગર રિહાના એક શો માટે મોટી રકમ વસૂલે છે. તેની નેટવર્થ ૧.૪ અબજ ડોલર હોવાનું કહેવાય છે. આ કમાણીમાં તેના સિંગિંગથી થતી કમાણી





ઉપરાંત એક મોટો હિસ્સો તેની કંપની થકી થતી આવકનો પણ છે. મુકેશ અંબાણીના પરિવાર માટે રિહાનાએ પ્રાઈવેટ કોન્સર્ટ કર્યો એટલે લોકોને લાગ્યું કે કરોડો રૂપિયાની ફી માટે તેણે પર્ફોર્મ કર્યું. જોકે, આ પ્રાઈવેટ કોન્સર્ટ પાછળ ફક્ત ફી નહીં પરંતુ બિઝનેસ કનેક્શન પણ કારણ હોઈ શકે છે. મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ રિટેલ ભારતની સૌથી મોટી રિટેલ સેલર છે અને રિહાના સાથે પણ કનેક્શન છે. આગળ જણાવ્યું એમ પોપસ્ટાર રિહાનાની કમાણીમાં મોટો હિસ્સો તેની કંપની થકી થતી આવકનો પણ છે અને આ જ કંપની ભારતમાં પોતાનો બિઝનેસ રિલાયન્સની મદદથી કરી રહી છે. **Rihana Fenty Beauty** કોસ્મેટિક પ્રોડક્ટ્સની લગ્ઝરી રેન્જ રજૂ કરે છે અને દુનિયાના બીજા સૌથી અમીર વ્યક્તિ બર્નાર્ડ અર્નાલ્ટની કંપની **LVMH** સાથે મળીને બિઝનેસ કરે છે. રિહાનાની ફેન્ટી બ્યૂટીમાં ૯૧ કોસ્મેટિક પ્રોડક્ટ્સ સામેલ છે, જે **LVMH**ના સેફોરા સ્ટોર પર જ વેચાય છે. ફેન્ટી બ્યૂટી પ્રોડક્ટ્સ હાલ અમેરિકા, કેનેડા, મેક્સિકો, ફ્રાન્સ, સ્પેન, ડેનમાર્ક, સ્વીડન, થાઈલેન્ડ, મલેશિયા, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર અને ભારત સ્થિત સેફોરા સ્ટોરમાં જ ઉપલબ્ધ છે. આપણા દેશમાં સેફોરા સ્ટોર્સ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડના હસ્તગત છે. મુકેશ અંબાણીની કંપની રિલાયન્સે નવેમ્બર ૨૦૨૩માં જ રિટેલ વેપારનું વિસ્તરણ કરતાં ગુજરાત સ્થિત ફેશન કંપની અરવિંદ ફેશનને પોતાની સાથે જોડી છે. રિલાયન્સે અરવિંદ ફેશનના બ્યૂટી ડિવિઝનને ખરીદ્યું છે. ખાસ વાત એ છે કે, અરવિંદ ફેશનના બ્યૂટી બ્રાન્ડ ડિવિઝનમાં સેફોરા સ્ટોર્સ પણ સામેલ છે, જે હવે રિલાયન્સ ચલાવે છે. અરવિંદ ફેશન પાસેથી રિલાયન્સે સેફોરાના ૨૬ સ્ટોર્સ હસ્તગત કર્યા છે અને રિહાનાની કંપનીના પ્રોડક્ટ્સ તેમાં વેચાય છે. મતલબ કે, ભારતીય અબજોપતિ મુકેશ અંબાણીની મદદથી જ ભારતમાં પોપ સ્ટાર રિહાનાની કંપનીની પ્રોડક્ટ્સ વેચાય છે. ફેન્ટી બ્યૂટીની વાત કરીએ તો, રિહાનાની આ કંપનીનું નામ તેના આખા નામ પરથી લેવામાં આવ્યું છે. રિહાનાનું આખું નામ રોબિન રિહાના ફેન્ટી છે. આ બ્યૂટી કંપનીને બર્નાર્ડ અર્નાલ્ટની કંપની **LVHM** સાથે મળીને ૨૦૧૭માં લોન્ચ કરવામાં આવી હતી. આ કંપનીની પ્રોડક્ટ્સ સેફોરા સ્ટોર્સ પર એક્સક્લુઝિવલી વેચવામાં આવે છે. અર્નાલ્ટની કંપનીએ ૫૦.૦૧ ટકા ભાગીદારી સાથે ૩૫ મિલિયન ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે.

## ઈન્ડિગોની ફ્લાઈટની બે સીટો પરથી ગાયબ થયા કુશન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ઈન્ડિગો દેશની સૌથી મોટી પેસેન્જર કેરિયર એરલાઈન છે. પરંતુ દર થોડા દિવસે કોઈને કોઈ કારણોસર આ એરલાઈન ચર્ચામાં આવી જાય છે. ક્યારેક કોઈ પેસેન્જર ક્રૂ સાથે ખરાબ વર્તન કરે તો ક્યારેક ફ્લાઈટ ડીલે થવાના કારણે પેસેન્જરોને હાલાકી ભોગવવાનો વારો આવે છે. હાલમાં જ એક પેસેન્જરે ઈન્ડિગો એરલાઈનની અંદરનો ફોટો શેર કર્યો છે, જેમાં બે સીટ પરથી ગાદી ગાયબ જોવા મળે છે. બેંગાલુરુથી ભોપાલ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બે સીટ કુશન વિનાની હતી. જેની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરતાં પેસેન્જરે ચિંતા વ્યક્ત કરી હતી. યાવાનિકા શાહ નામની મહિલા પેસેન્જરે એક્સ પર ગાદી વિનાની સીટોનો ફોટો શેર કરતાં કટાક્ષ કર્યો હતો. તેણીએ લખ્યું, ખૂબ સુંદર ઈન્ડિગો. આશા રાખું કે હું સુરક્ષિત રીતે પહોંચી જઉં. આ તમારી બેંગાલુરુથી ભોપાલની ફ્લાઈટ ૬ઈ ૬૪૬૫ છે." પેસેન્જરની ચિંતા પર ઈન્ડિગોએ પણ ત્વરિત જવાબ આપ્યો હતો. તેમણે સીટો પરથી કુશન ગાયબ થવા અંગેનું કારણ જણાવ્યું હતું. ઈન્ડિગોએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું, "મેડમ અમારી સાથે વાત કરવા માટે આભાર. ફ્લાઈટ ઉડાણ ભરે એ પહેલા ક્લિનિંગના હેતુથી સીટના કુશન્સ લઈ લેવામાં આવ્યા હતા. અમારા કેબિન ક્રૂએ આ સીટ ફાળવાઈ હતી તે પેસેન્જરોને ત્વરિતપણે જાણ કરી હતી. જ્યારે પણ જરૂર પડે ત્યારે ક્લિનિંગ પ્રક્રિયામાં આ રીતે કુશનને હટાવી લેવામાં આવે છે." બીજા એક ટ્વિટમાં ઈન્ડિગોએ આગળ લખ્યું, "અમે અમારા ગ્રાહકોને ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા અને હાઈજીન પૂરી પાડવા માટે કટિબદ્ધ છીએ. આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ હતી. જોતજોતામાં પોસ્ટને એક મિલિયન જેટલા વ્યૂ મળી ગયા છે અને અસંખ્ય લોકોએ કોમેન્ટ કરી છે. એક યૂઝરે લખ્યું, "વાહ, મસાજ માટેની સ્પેશિયલ સીટ આપી છે." એક યૂઝરે પોતાનો અનુભવ વર્ણવતા લખ્યું, "ગત અઠવાડિયે મુંબઈથી ઈંદોર જતી વખતે આ જ પ્રકારની સીટ જોઈ હતી.

### કેનેડામાં એક શ્રીલંકન પરિવારની હત્યાથી ચકચાર

## ઓટાવામાં ઘરની અંદર માતા-૪ બાળક સહિત છની હત્યા

। (એજન્સી) ઓટાવા, તા.૮ ।

કેનેડામાં શ્રીલંકાના એક પરિવારની હત્યા કરી દેવામાં આવી છે. ચાર બાળકો સહિત કુલ છ લોકોની હત્યા કરવામાં આવી છે. શ્રીલંકાના જ ૧૯ વર્ષના વિદ્યાર્થીએ હત્યાને અંજામ આપ્યો છે. વિક્રમસિંઘે પરિવારના પાંચ સભ્યોની સાથે ૪૦ વર્ષના એક શખ્સની પણ હત્યા કરી દેવામાં આવી છે. પોલીસે હુમલાખોરને ઘટનાસ્થળથી ૧૫ કિલોમીટર દૂરથી ઝડપી પાડ્યો હતો.

કેનેડામાં એક શ્રીલંકન પરિવારની હત્યાથી ચકચાર મચી છે. બુધવારે રાત્રે સાઉથ ઓટાવાના બારહેવનમાં ઘરની અંદર માતા અને તેના ચાર બાળકો સહિત છ જણાંની હત્યા કરી દેવામાં આવી છે. ૧૯ વર્ષના છોકરા પર ચાકુના ઘા મારીને છ જણાંની ક્રૂરતાપૂર્વક હત્યા કરવાનો આરોપ છે. ઓટ્ટાવા પોલીસ ચીફ એરિક સ્ટબ્સે મીડિયાને જણાવ્યું કે, બુધવારે રાત્રે ૧૦.૫૨ કલાકની આસપાસ ૯૧૧ પર બે ફોન આવ્યા હતા. ગણતરીની મિનિટોમાં જ પાલ્માડિયો ડ્રાઈવ પાસે આવેલા મકાનમાં પોલીસ પહોંચી ગઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક પરિવાર શ્રીલંકાનો નાગરિક હતો અને તાજેતરમાં જ કેનેડા આવ્યો હતો. મૃતકોમાં ૩૫ વર્ષીય દર્શાની, તેની સાત વર્ષની દીકરી ઈનુકા વિક્રમસિંઘે, ચાર વર્ષની દીકરી અશ્વિની વિક્રમસિંઘે, બે વર્ષની દીકરી રિનાયા વિક્રમસિંઘે અને બે મહિનાની દીકરી કેલી વિક્રમસિંઘેનો સમાવેશ થાય છે. દર્શાનીનો પતિ ઈજાગ્રસ્ત છે અને હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેની હાલત હાલ સ્થિર હોવાનું પોલીસનું કહેવું છે. દર્શાનીના પતિની ઓળખ ધનસુખ વિક્રમસિંઘે તરીકે થઈ છે. વિક્રમસિંઘે પરિવારની સાથે ૪૦ વર્ષના અન્ય એક શખ્સની પણ આ ઘરમાં હત્યા થઈ છે.

## આવકથી વધુ સંપત્તીના મામલે પત્નીને આરોપી ન બનાવી શકાય

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૮ ।

ઓડિશા હાઈકોર્ટે એક મહત્ત્વ પૂર્ણ ચૂકાદો આપ્યો હતો, જેમાં કહ્યું હતું કે આવકથી વધુ સંપત્તિ મામલે દોષિત પત્નીને આરોપી બનાવી શકાય નહીં, ભલે સંપત્તિ પત્નીના નામે હોય.

જસ્ટિસ સિબો શંકર મિશ્રાની બેંચ બુધવારે એક પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે તેના પતિ દ્વારા કરવામાં આવેલા કથિત અપરાધ માટે તેની વિરુદ્ધ કાર્યવાહી કરી શકાય નહીં.

જસ્ટિસ સિબો શંકર મિશ્રાની સિંગલ બેન્ચે તેમના ચુકાદામાં લખ્યું હતું કે, ’સામાન્ય રીતે, બેરોજગાર પત્ની હંમેશા તેના નોકરી કરતા પતિ પર નિર્ભર હોય છે. આ કેસમાં પણ મુખ્ય આરોપી (પતિ) અરજદાર (પત્ની) પર વર્ચસ્વ જમાવી શકે તેવી સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં, અરજદાર માટે જંગમ અથવા સ્થાવર મિલકતની ખરીદીમાં ભાગ ન લેવા અથવા તેના પતિની ઈચ્છાઓને અવગણવાનો કોઈ અવકાશ નથી.’

હાઈકોર્ટે કહ્યું કે આવા સંજોગોમાં પત્નીને કેસમાં માત્ર એટલા માટે આરોપી બનાવી શકાય નહીં કારણ કે તે આરોપીની પત્ની છે અને આરોપીએ તેના નામે મિલકત ખરીદી છે. તપાસ અધિકારીઓએ મહિલા પર તેના પતિના ભ્રષ્ટાચારમાં સામેલ થવા અને તેને ઉશ્કેરવાનો આરોપ મૂક્યો હતો. આ ઉપરાંત હાઈકોર્ટે કહ્યું હતું કે, મુખ્ય આરોપી દ્વારા અપ્રમાણસર સંપત્તિના કેસમાં અગાઉથી જ સ્થાવર મિલકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને અરજદાર એવો દાવો પણ નથી કરી રહ્યી કે તેણીએ આ મિલકત સ્વતંત્ર રીતે પોતાના નામે મેળવી છે. તેથી, મુખ્ય આરોપી પર તે આવકના સ્રોતને સાબિત કરવાની જવાબદારી બને છે, જેણે તેની પત્નીના નામે મિલકત મેળવી છે’

### લગ્નના થોડા સમય પહેલાં વરરાજાની હત્યા

## દિલ્હીમાં અપમાનથી ત્રાસી પિતાએ પુત્રની હત્યા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હીમાં એક જિમના માલિકની તેના લગ્નના થોડા કલાકો અગાઉ જ હત્યા કરવામાં આવી છે. આઘાતની વાત એ છે કે ૨૯ વર્ષના યુવાનની હત્યા તેના જ પિતાએ કરી છે. ગૌરવ સિંઘલ નામનો યુવાન દિલ્હીમાં ફિટ બોક્સ નામે જિમ ચલાવતો હતો. તેના પિતા રંગાલાલ સાથે તેનો ઝઘડો ચાલતો હતો. લગ્નના થોડા કલાકો અગાઉ જ રંગાલાલે પોતાના પુત્રને છરીના અનેક ઘા મારીને મારી નાખ્યો છે. પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરી છે.

સાઉથ દિલ્હીની આ ઘટનામાં લગ્નનો પ્રસંગ શોકમાં પરિવર્તિત થઈ ગયો છે. બુધવારે જિમ માલિક ગૌરવ સિંઘલના લગ્ન હતા અને લગ્નનો સમારોહ શરૂ થાય તેનાથી અમુક કલાકો અગાઉ જ તેના પિતાએ તેની હત્યા કરી છે. રંગાલાલનું કહેવું છે કે તેનો પુત્ર રોજેરોજ તેનું અપમાન કરતો હતો જેનાથી ત્રાસી જઈને તેણે આ હત્યા કરી છે. ગૌરવના ચહેરા અને છાતી પર છરીના ૧૫થી વધારે ઘા મારવામાં આવ્યા હતા. ગૌરવ ઘટનાસ્થળે જ ફસડાઈ પડ્યો હતો.

પોલીસે જણાવ્યું કે ગૌરવના એરેન્જ્ડ મેરેજ થવાના હતા ત્યારે જ તેની હત્યા થઈ છે. બધા મહેમાનો આવી ગયા હતા અને મોટા વોલ્યુમથી મ્યુઝિક વાગતું હતું ત્યારે ખબર પડી કે ગૌરવની હત્યા કરવામાં આવી છે. તમામ મહેમાનો ગૌરવને શોધવા માટે દોડ્યા હતા જેનો મૃતદેહ નજીકના પાર્કમાંથી મળી આવ્યો હતો. તરત જ શોકગ્રસ્ત પરિવારજનો વિલાપ કરવા લાગ્યા હતા. તે સમયે ગૌરવનો પિતા રંગાલાલ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ડીસીપી અંકિત ચૌહાણે જણાવ્યું કે ગૌરવને તેના સ્વજનો તાત્કાલિક નજીકની હોસ્પિટલે લઈ ગયા હતા જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. સાંજ સુધીમાં તેના હત્યારા પિતાને પકડી લેવાયા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદમાં મેટ્રો સેવાનું મોટા પાયે વિસ્તરણ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદીઓને મેટ્રો સર્વિસ ફાવી ગઈ છે અને હવે તેની કામગીરીમાં વિસ્તરણ થવાનું છે. આગામી સમયમાં અમદાવાદ ઓલિમ્પિક્સ માટે બિડ કરવાનું છે ત્યારે ઓલિમ્પિક્સના પ્રસ્તાવિત પ્રોજેક્ટ કવર થઈ જાય તે રીતે મેટ્રોની સુવિધા વિસ્તારવામાં આવશે. તે મુજબ થલતેજને મણિપુર સાથે અને શીલજને મોટેરા સાથે કનેક્ટ કરવામાં આવશે. આ કનેક્શન વાયા વૈષ્ણોદેવી અને ચાંદખેડા આપવામાં આવશે. અમદાવાદે ઓલિમ્પિક્સ માટે બિડ જીતવી હોય તો મેટ્રો પર ખાસ ફોકસ કરવું પડશે. રાજ્ય સરકાર અને ગુજરાત મેટ્રો રેલ કોર્પ (GMRC)ના સૂત્રોએ જણાવ્યું કે થલતેજ ગામ પર જે ઈસ્ટ-વેસ્ટ કોરિડોર પૂરો થાય છે તેને શીલજ ચાર રસ્તા થઈને મણિપુર સુધી લંબાવવામાં આવશે. સરકારે મણિપુર નજીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનો પ્લાન બનાવ્યો છે. તેવી જ રીતે એક બ્રાન્ચ શીલજથી શરૂ થશે અને એસ પી રિંગ રોડ થઈને મોટેરાને જોડશે. આ લાઈનમાં વૈષ્ણોદેવી અને ચાંદખેડા પણ આવશે. મોટેરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનવાનું છે.થલતેજ ગામથી શીલજ સુધીનું સેક્શન રેલવે લાઈનની સમાંતર તૈયાર કરવામાં આવશે. ત્યાર પછી તે લાઈન મણિપુર સુધી આગળ જશે જ્યાં એક ઓલિમ્પિક્સ વિલેજ બનાવવાની યોજના છે. આ લાઈનથી બોપલ, શેલા, ઘુમા અને આસપાસના એરિયાને પણ કનેક્ટ કરવામાં આવશે.







શિવરાત્રી નિમિત્તે શિવ મંદિરોમાં દર્શન કરવા માટે ભક્તો ઉમટી પડ્યા હતા.

## થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રિનો મેળો ભરાયો



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૮ ।

કાંકરેજ તાલુકાના થરા નગરમાં સમસ્ત ભરવાડ ગોપાલક સમાજ ની ગુરૂ ગાદી સંસ્થાન ઝાઝાવડા વાળીનાથ મહાદેવ (તીર્થ) મંદિર આવેલ છે. જ્યાં વર્ષોની પરંપરા મુજબ મહા વદ તેરસે મહાશિવ રાત્રિનો અને શ્રાવણ સુદ પૂનમે રક્ષાબંધનનો મેળો ભરાયો. પૂર્વ મહંત નરભેપુરીજી મહારાજ, મહંત શિવપુરીજી મહારાજ અને વર્તમાન મહંત ઘનશ્યામપુરીજી મહારાજના સમયમાં આ પરંપરા ચાલુ છે પરંતુ જુના જમાના જે લોકો ઉત્સાહભેર લોકમેળામાં ઉમટી પડતા તેવો માહોલ ચારે બાજુ દબાણો સીમેન્ટ કોંક્રિટના ઉભા થયેલા જંગલોના કારણે મનોરંજનના સાધનો માટે સ્થળ નાનું બન્યું તેથી આવા ધંધાદારી ઓ આવતા બંધ થયા,દેશી- પરપ્રાંતીય દારૂના વ્યસનીઓ દ્વારા થતા ઝગડાને કારણે મહિલાઓ મેળામાં ઓછી આવે, આવે તો દર્શન કરી પરત ઘરે જાય તેથી મેળાનો માહોલ જામતો નથી. ગઈકાલે તા.૦૮/૦૩/૨૦૨૪ના મહાશિવરાત્રિએ મંદિર આગળ મેળાનો હળવો માહોલ જોવા મળ્યો. શ્રદ્ધાળુ શિવ ભકતો દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. મહંત મહંત ૧૦૦૮ ઘનશ્યામપુરી જી ગુરૂ શિવપુરીજી મહારાજનાં આશીર્વાદ મેળવી મહશિવરાત્રિની પર્વની ઉજવણી સાથે ઝાઝાવડા વાળીનાથ મહાદેવ (તીર્થ), નીલકંઠ મહાદેવ, મહાકાલેશ્વર મહાદેવ મંદિર માર્કેટ યાર્ડ, રામજી મંદિર શિવાલય વિગેરે ખાતે ચાર પહોરની પૂજા આરતી કરવામાં આવી હતી. મેળા સ્થળે બ્રહ્મા કુમારી સંસ્થાન દ્વારા શિવ પ્રદર્શન માં બ્રહ્મા કુમારી સુર્યાબેન સુંદર રીતે શિવ મહિમા ભકતોને સમજાવેલ.દીયોદર ડીવાયએસપી ડી.ટી. ગોહિલના માર્ગ દર્શન મુજબ થરા શિહોરી પી એસ આઈ તથા સ્ટાફ દ્વારા સતત પેટ્રોલીંગ કરી કાયદો વ્યવસ્થા જાળવવા પ્રયત્ન કરેલ.



તસ્વીર : સંતોષ જોશી બ્યૂરોઇન ચીફ, સંતરામપુર



વર્ષોની જૂની પરંપરા અનુસાર મહાશિવરાત્રીના શુભ પ્રસંગે મહાદેવની સવારી બેન્ડ વાજા સાથે મોટા મહાદેવ મંદિરેથી નિકળી નાના મહાદેવ - ભાટિયા ટેકરી - સિફાઈ ચોકડી થઈ તેના મુકામે મોટમહાદેવ ખાતે પહોંચેલ જેમાં સમસ્ત બ્રાહ્મણ સમાજ તથા સૌ ગ્રામજનો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ હર હર મહાદેવના નારાથી આખું ગામ ગુંજી ઉઠ્યું, જેમાં માનનીય કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર તથા વિધાનસભા ઈન્ચાર્જ અને APMC ચેરમેન શ્રી શાંતિલાલ પટેલ દ્વારા આ શુભ પ્રસંગે શોભાયાત્રામાં ઉત્સાહપૂર્વક હાજરી આપી તથા સમસ્ત પોલીસ પ્રશાસનના સહયોગથી શાંતિપૂર્ણ વાતાવરણમાં આ શુભપ્રસંગ ઉજવવામાં આવેલ હતો.

### છેલ્લા ઘણા સમયથી બદલીની રાહ જોવાઇ રહી હતી

## અમદાવાદમાં ૬૨ પોલીસ ઇન્સ્પેક્ટરની આંતરિક બદલી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીની રાહ જોવાઈ રહી હતી. તેમાં આજે શહેર પોલીસ કમિશનર દ્વારા એક સાથે ૬૨ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી કરી દેવામાં આવી છે. જેમાં ખાલી પડેલા પોલીસ સ્ટેશન જે ઈન્ચાર્જથી ચાલતા હતા, તેની સાથે જે પોલીસ ઈન્સ્પેક્ટર વેઈટિંગમાં હતા તેમને પણ નિમણૂક આપવામાં આવી હોવાનું પોલીસ કમિશનરે જણાવ્યું છે. આ વખતે બદલીમાં તમામને તક મળી હોય તેવું પણ જાણવા મળી રહ્યું છે.અમદાવાદ શહેરમાં ચૂંટણીલક્ષી બદલીઓ થઈ અને તેમાં સંખ્યાબંધ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી અમદાવાદ શહેરમાંથી અન્ય જગ્યાએ થઈ ગઈ હતી. જેના કારણે અમદાવાદ શહેરના ઘણા મોટા પોલીસ સ્ટેશન ઈન્ચાર્જમાં ચાલી રહ્યાં હતાં અને આ જગ્યાઓ ભરવા માટે ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી, ત્યારે આજે (૮ માર્ચ, ૨૦૨૪) અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી. એસ. માલિકે એક સાથે ૬૨ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી કરી છે. મોટા પાયે પારદર્શિતા રહે તે પ્રકારે બદલી કરવામાં આવી છે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે જણાવ્યું હતું કે, જે લોકો વેઈટિંગમાં હતા, તે ૨૫ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરને તક આપવામાં આવી છે અને અન્ય પોલીસ ઈન્સ્પેક્ટરને પણ આ બદલીમાં સામેલ કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં એક સાથે ૬૨ ઈન્સ્પેક્ટરની બદલી થવાથી પોલીસ બેડામાં મોટો ચર્ચાનો વિષય બન્યો છે. ૧૬ પોલીસ સ્ટેશન ૧ મહિનાથી ચાર્જમાં ચાલે છે. સેકટર-૧ના સોલા, ઘાટલોડિયા, નારણપુરા, સરખેજ, વેજલપુર, પાલડી, આનંદનગર, સેટેલાઈટ, ચાંદખેડા અને સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન PI વગર જ ચાલી રહ્યા છે.

## અમદાવાદ મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૪ ખૂબ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો









। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ઉપર મહિલા કર્મચારીઓ માટે આયોજિત ઉત્સવ પ્રવૃત્તિઓ મારફતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૪ ને ખૂબ ઉત્સાહ અને ઉમંગથી ઉજવવામાં આવ્યો. આ સમારંભ મંડળના વિવિધ વિભાગોની કેટલીયે મહિલા કર્મચારીઓને તેમની નિરંતર મહેનત, સમર્પણ અને રેલવેમાં યોગદાન માટે સન્માનિત કરવા સાથે સંપન્ન થયો. આ વર્ષના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અભિયાનનો વિષય "ઈન્વેસ્ટ ઈન વૂમેન : એક્સલરેટ પ્રોગ્રેસ" અદ્વિતિય અને વિવિધતા પર વિચાર અને વિશ્લેષણ કરીને લિંગ-ઉત્તરદાયી બજેટીંગ પર કેન્દ્રિત છે. આ કાર્યક્રમ દરમિયાન મંડળ કચેરીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, સિંગિંગ, ડાન્સ, મિમિક્રી, કવિતા અને શાયરીનું આયોજન કરવામાં આવ્યું. આ દરમિયાન બી.જે. મેડિકલ કોલેજના માનસિક રોગ વિભાગની પ્રમુખ ડૉ. નીતા મહેતાએ વૂમેન હેલ્થ પર આયોજિત સેમિનારમાં સર્વાઈકલ, ગર્ભાશય વગેરે મહિલા સંબંધિત કેન્સર પર વ્યાખ્યાન આપ્યું.

મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ માહિતી આપતાં જણાવ્યું કે પાછલા કેટલાક વર્ષોથી મહિલાઓ પોતાને એ રીતે પ્રદર્શિત કરવામાં સક્ષમ થઈ છે કે લોકોની માનસિકતા સમાજમાં મહિલાઓ દ્વારા કરવામાં આવેલા કામને ઓળખવા માટે બદલાવવા લાગી છે. આ મહિલાઓના અધિકારો, યોગદાન, શિક્ષણ અને તેમના કેરિયરના અવસરો વગેરે વિશે જાગૃતિ વધારવા માટે ઉજવવામાં આવે છે. અમદાવાદ મંડળ ઉપર પણ મહિલા રેલવે કર્મચારી સંપૂર્ણ પણે પુરૂષ કર્મચારીઓ સાથે ઉત્કૃષ્ટ કામ કરી રહી છે. ટ્રેન ચલાવવાથી લઈને અઘરાથી અઘરા કામ સક્ષમ રીતે કરી રહી છે.

આ પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન અમદાવાદની અધ્યક્ષા શ્રીમતી સંગીતા શર્માએ કાર્મિક વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી મહિલાઓથી સંબંધિત બૂકલેટ સંગિનીનું અનાવરણ કર્યું તથા પોતાના સંદેશમાં જણાવ્યું કે ભારતીય સમાજમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં સ્ત્રીઓની ભૂમિકા હંમેશાથી અત્યંત મહત્વપૂર્ણ રહી છે, કાંતો અમે પરિવારની વાત કરીએ અથવા સમાજની, રાજનીતિની અથવા પછી અર્થવ્યવસ્થાની મહિલાઓ દરેક સ્થાન પર પોતાની ભૂમિકા અંત્યંત ઉત્તમ રીતે ભજવતી આવી છે. આજે દુનિયાનું કોઈપણ ક્ષેત્ર એવું નથી જ્યાં મહિલાઓએ પોતે સાબિત નથી કર્યુ મહિલાઓએ પોતાની પ્રતિભાનો પરચો દરેક ક્ષેત્રમાં આપ્યો છે.

આ કાર્યક્રમ દરમિયાન શ્રીમતી સંગીતા શર્માના માર્ગદર્શનમાં સંગઠન દ્વારા મંડળ ઉપર કાર્યરત ૨૯ મહિલા કર્મચારીઓને તેમના દ્વારા કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કામ માટે મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવી.

સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી જિતેશ અગ્રવાલના માર્ગદર્શન અને કર્મચારી હિત નિધિના સહયોગથી આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો જેમાં કર્મચારી હિત નિધિના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા.

## ઘરકામ કરતી ૨૩ વર્ષની લક્ષ્મી રાઠોડ ધો.૧૦ બોર્ડની પરીક્ષા આપશે

### લક્ષ્મી મોબાઈલ પર ઓન-લાઈન કોચિંગ લે છે અને લાઈબ્રેરી રીડિંગ રૂમમાં ડોનેશનમાં મળેલા પુસ્તકોમાંથી અભ્યાસ કરે છે

। (એજન્સી) સુરત, તા.૮ ।

૨૩ વર્ષીય લક્ષ્મી રાઠોડ જ્યારે પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી ત્યારે તેના પિતાની તબીયત બગડતા તેમને કામકાજ બંધ કરવું પડ્યું હતું. જેથી પરિવારને આર્થિક ટેકો કરવા માટે લક્ષ્મીએ ભણવાનું છોડીને લોકોના ઘરે કામ કરવાનું શરૂ કર્યું હતું. જોકે, તેને હંમેશા આગળ ભણવાની ઈચ્છા હતી અને તેથી તેણે ૧૦ વર્ષ બાદ ફરીથી અભ્યાસ શરૂ કર્યો છે. તેના જીવનનો દરેક દિવસ પરીક્ષાથી ઓછો નથી કારણ કે પ્રત્યેક દિવસ તેના માટે એક સંઘર્ષનો દિવસ છે. આ વાત છે ૨૩ વર્ષીય લક્ષ્મી રાઠોડની જે પોતાના પરિવારને આર્થિક ટેકો આપવા માટે લોકોના ઘરે કામ કરે છે અને સાથે સાથે પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહી છે. આવતા અઠવાડિયાથી શરૂ થનારી ધોરણ ૧૦ની પરીક્ષા શરૂ થઈ રહી છે અને તેના માટે તે એક-એક મિનિટનો ઉપયોગ કરી રહી છે. તે તેના મોબાઈલ ફોન પર ઓન-લાઈન કોચિંગ લે છે અને લાઈબ્રેરી રીડિંગ રૂમમાં ડોનેશનમાં મળેલા પુસ્તકોમાંથી અભ્યાસ કરે છે. જોકે, આટલું ઓછું હોય તેમ તે આ બધુ ગુપ્ત રીતે કરી રહી છે કેમ કે તેના માતા-પિતાને તે વિદ્યાર્થી છે તેવી ખબર જ નથી. તેને ડર છે કે જો તેના માતા-પિતાને પોતે અભ્યાસ કરે છે તે વાતની ખબર પડશે તો તેઓ તેનો અભ્યાસ બંધ કરાવી દેશે. લક્ષ્મીના પિતાને સ્વાસ્થ્યની સમસ્યા છે અને બીમારીના કારણે તેમને કામ કરવાનું બંધ કરવું પડ્યું. તેવામાં લક્ષ્મીના ખભા પર પોતાના પરિવારને આર્થિક મદદ કરવાની જવાબદારી આવી પડી. જેના કારણે ત્રણ ભાઈ-બહેનોમાં સૌથી મોટી એવી લક્ષ્મીને અભ્યાસ છોડવો પડ્યો હતો. બીજી તરફ તેની માતાને તેની દાદીની સંભાળ રાખવા માટે ઘરે રહેવું પડ્યું. લક્ષ્મીએ જણાવ્યું હતું કે, જ્યારે હું ૧૨ વર્ષની હતી અને ધોરણ-૫માં અભ્યાસ કરતી હતી ત્યારે મને કામ કરવાનું શરૂ કરવા અને ઘરની આવકમાં યોગદાન આપવાનું કહેવામાં આવ્યું હતું. જેથી લક્ષ્મીએ લોકોના ઘરે જઈને ઘરકામ કરવાનું શરૂ કર્યું.




## પતિને ભૂતપૂર્વ પત્નીને ભરણ પોષણ ચૂકવવા કર્યો આદેશ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાત હાઈકોર્ટે છૂટાછેડા લીધેલી પત્નીને તેના પતિએ ભરણ પોષણ આપવું પડશે તે મુજબનો ચુકાદો આપ્યો છે. આ બંનેના છૂટાછેડા થયા તે સમયે મહિલાએ તેના ભરણપોષણનો અધિકાર છોડી દીધો હતો, પરંતુ દંપતીએ શરતોને અંતિમ સ્વરૂપ આપવા માટે સક્ષમ કોર્ટનો સંપર્ક કર્યો ન હતો. વ્યક્તિએ દાવો કર્યો હતો કે તેની પત્નીએ છૂટાછેડા લઈ લીધા છે અને તે વ્યાભિચાર કરી રહી છે. એટલું જ નહીં તેણે છૂટાછેડા લીધાના લગભગ પાંચ વર્ષ પછી તેના બોયફ્રેન્ડ સાથે બ્રેક-અપ પછી ભરણપોષણ માટે તેના પર દાવો કર્યો હતો. વ્યક્તિએ આવી દલીલ કરી હોવા છતાં ગુજરાત હાઈકોર્ટે ભરણપોષણને સમર્થન આપ્યું હતું. હાઈકોર્ટે કહ્યું હતું કે, વ્યભિચારમાં રહેતી વ્યક્તિ ભરણપોષણ માટે હકદાર નથી, પરંતુ તે વ્યક્તિ તેના વર્તનને સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો. ઝૅઝિની કલમ ૧૨૫માં 'વ્યભિચારમાં જીવવું' અભિવ્યક્તિ હેતુપૂર્વક સૂચવવા માટે વપરાય છે કે એક અલગ કૃત્ય પૂરતું નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨